કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૧ એપ્રિલ, ૨૦૨૫ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૨૬૧◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ચૈત્ર સુદ-૪◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ગુજરાત સરકાર દ્વારા વિકાસ બ્લુપ્રિન્ટનો તખ્તો

## તમામ વિભાગોને એપ્રિલના અંત સુધીમાં આગામી વર્ષની નવી ગ્રાન્ટ ફાળવી આપવા નાણા વિભાગને રાજ્યના નાણામંત્રાલયે આપી સુચના : આગામી વર્ષના વિકાસ કામો માટે વિભાગો દ્વારા રોડ મેપ તૈયાર કરાશે

ગાંધીનગર : રાજ્યમાં વિકાસ કામોને ગતિ આપવા તેમજ આગામી વર્ષ માટે રાજ્ય સરકારે બજેટમાં જાહેર કરવામાં આવેલ નવા કામો તેની સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે નાણામંત્રાલયે નાણા વિભાગને તમામ વિભાગોની આગામી વર્ષ માટેના નક્કી કરવામાં આવેલ બજેટ ની ગ્રાન્ટ આ માસના અંત સુધીમાં વિભાગોને ફાળવી દેવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. નાણા વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં વિભાગોને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરી દેવાની હોય છે. ત્યારબાદ વિભાગોને નવા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની ગ્રાન્ટ એપ્રિલ મહિનામાં ફળવવાની શરૂઆત નાણા વિભાગ દ્વારા કરવામાં આવે છે. તાજેતરમાં જ મળેલા વિધાનસભા ના અંદાજપત્ર સત્રમાં રાજ્યના નાણામંત્રીએ આગામી વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું હતું જેમાં તમામ વિભાગોને વિભાગોએ નક્કી કરેલા નવા વિકાસ કામો અને નવી યોજનાઓ માટેની બજેટ જોગવાઈઓ ની જાહેરાત કરી હતી. આગામી વર્ષ ૨૦૨૫-૨૬ માટે તમામ વિભાગો માટે બજેટની સીલીંગ મર્યાદા નક્કી કરીને વિભાગોના બજેટ ની રકમ નક્કી કરવામાં આવી હતી. વિભાગો આગામી વર્ષ ૨૦૨૫-૨૬ માટે તેમની કામગીરી વિકાસ કામો અને યોજનાઓની અમલવારી સમયસર અમલ કરીને યોજનાઓનો લાભાર્થીઓને લાભ પહોંચાડી શકે તેમજ સમય મર્યાદામાં વિકાસ કામો પણ હાથ ધરી શકે તે માટે નાણાં મંત્રાલય દ્વારા નાણા વિભાગને તમામ વિભાગોને તેમની ગ્રાન્ટ એપ્રિલના અંત સુધીમાં ફાળવી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે જેથી કરીને મે મહિનાથી તમામ વિભાગો તેમના વિભાગ હસ્તક ની નવી યોજનાઓ અને નવા વિકાસ કામોની કામગીરી સમય મર્યાદામાં હાથ ધરી શકે. વિભાગો દ્વારા આગામી વર્ષ માટેના નવા વિકાસ કામો હાથ ધરવા માટેનું આયોજન અને રોડ મેપ તૈયાર કરવા માટેની પણ કવાયત શરૂ કર્યું હોવાનું સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી જાણવા મળે છે.

## નવી ટેકસટાઇલ પોલીસી ઉધોગોને વેગ આપવામાં સફળ : મુખ્યમંત્રી




અમદાવાદ : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટના બિલિયાળા ખાતેથી 'મેન્સ્ટુઅલ હાઈજીન અવેરનેસ કેમ્પ'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પાન હેલ્થ એન્ડ હાઈજીન પ્રા. લી.કંપની દ્વારા અંદાજે રૂ. ૯૧ લાખના ખર્ચે સમગ્ર રાજ્યના આદિવાસી વિસ્તાર તથા સરકારી શાળાઓની ૨,૫૧,૦૦૦ જેટલી દિકરીઓને સેનિટરી પેડનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.આ નવા યુનિટના ઉદઘાટન પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને આરોગ્ય ક્ષેત્રે ગ્લોબલ હબ બનાવવાનો નિર્ધાર કર્યો છે, ત્યારે શરૂ થયેલ આ પ્લાન્ટ વડાપ્રધાનના નિર્ધારને પૂર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.ભારત વૈશ્વિક સ્તરે વિકાસયાત્રામાં અગ્રેસર છે, ત્યારે વર્તમાનની જરૂરિયાતને અનુરૂપ ઉત્પાદનોનું નિર્માણ કરવું તે પ્રશંસનીય કદમ છે તેમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનના માર્ગદર્શનમાં છેવાડાના ગામ અને સામાન્ય

અનુસંધાન પાના નં.૪ પર

## કાલથી વિશ્વ વ્યાપાર યુદ્ધના ભણકારા

### અમેરિકાના રાષ્ટ્રપતિ ૨ એપ્રિલથી લાગુ કરશે 'રેસિપ્રોકલ ટેરિફ': જાહેર કર્યો "લિબરેશન ડે' : નવી ટેરિફ નીતિ અમેરિકાને વિદેશી વસ્તુઓ પર નિર્ભરતાથી મુકત કરશેઃ ભારત સહિત વિશ્વના અનેક દેશો ઉપર થશે અસર

વોશીંગ્ટન : નવું નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ શરૂ થઈ ગયું છે અને આ સાથે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિદેશથી આયાત થતા ઘણા ઉત્પાદનો પર નવા ટેરિફ લાદવા જઈ રહ્યા છે, જેની જાહેરાત તેઓ ૨ એપ્રિલ (બુધવાર) ના રોજ કરવા જઈ રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એપ્રિલ, ૨૦૨૫ ને મુક્તિ

અનુસંધાન પાના નં.૪ પર

## સુધારેલા દર સાયન્ટિફિક લાગશે પછી જ રાજ્યભરમાં નવી જંત્રીનો અમલ

### નવી જંત્રીના અમલની ભીતિથી છેલ્લા પખવાડિયામાં મિલકતોના મોટા પ્રમાણમાં દસ્તાવેજ : ઘર ખરીદવા માગતા હોય તેમને નવા દર લાગુ થતા પહેલાં સમય મળતા રાહત

અમદાવાદઃ રાજ્યમાં નવી સૂચિત જંત્રી અનેક કારણસર અટવાઈ જતા! એપ્રિલથી અમલ થશે તેવી સંભાવના જોવાતી હતી તે થઈ શકશે નહીં અને તેમાં હજુ વધુ વિલંબ થઈ શકે છે. તેના કારણે અગાઉ જાહેર કરાયેલા દર પ્રમાણે જ જંત્રીના દર યથાવત રહેશે. જો કે જંત્રી મુદ્દે જે ગૂંચ પડીછે તેને વહેલી તકે ઉકેલીને સત્વરે અમલ કરવા માટે સરકારે કવાયત ચાલુ રાખી છે. બીજી તરફ ૧ એપ્રિલથી જંત્રીના સુધારેલા દરનો અમલ થશે તેવી ભીતિથી રાજ્યમાં દસ્તાવેજો કરાવવાના પ્રમાણમાં પણ વધારો થયો હતો. જો કે હાલ જંત્રીનો અમલ ન થતા હજુ પણ જે લોકો ઘર ખરીદવા માગે છે તેમને નવા દર લાગુ થતા પહેલાં થોડો સમય મળતા રાહત થવા પામી છે. રાજ્ય સરકારે ગત નવેમ્બર મહિનામાં જંત્રીના નવા સૂચિત દરની જાહેરાત કરી હતી. તેનો બિલ્ડર લોબીથી લઈને સામાન્ય નાગરિકોમાં પણ ભારે વિરોધ

અનુસંધાન પાના નં.૪ પર

## બિહારમાં કોંગ્રેસની યાત્રામાં બબાલ : કન્હૈયાકુમાર ભાગ્યા



પટણા : બહારમાં અરરિયા જિલ્લામાં કોંગ્રેસની 'પલાયન રોકો, નૌકરી દો યાત્રા'માં કોંગ્રેસ નેતા કન્હૈયા કુમાર સાથે સેલ્ફી લેવાના ચક્કરમાં ભારે બબાલ થઈ હતી. અહીં કેટલાક કાર્યકર્તાઓ કન્હૈયા કુમાર પાસે સેલ્ફી લેવા તેમની નજીક ગયા હતા.આ દરમિયાન તેમના સુરક્ષા કર્મીઓએ અટકાવવાનો

અનુસંધાન પાના નં.૪ પર

## અવકાશમાંથી ભારતને જોવાનો અદભુત અનુભવ



### સુનીતા વિલિયમ્સના શબ્દોમાં અંતરીક્ષ યાત્રાની વાર્તા : જલ્દી જ ભારત આવીશઃ સુનિતા વિલિયમ્સ

નવી દિલ્હી : ભારતીય મૂળનાઅમેરિકનઅંતરીક્ષયાત્રી સુનિતા વિલિયમ્સે અંતરીક્ષથી પરત આવ્યા બાદ પહેલી વાર પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્કનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું હતું કે ધરતી પર પરત આવીને સારું લાગી રહ્યું છે. સુનિતા વિલિયમ્સ જલ્દી જ ભારત પણ આવશે. તેમણે કહ્યું છે, કે ' મને આશા છે કે મારા પિતાના દેશ અને આગામી એક્સીઑમ મિશન પર જનારા ભારતીય નાગરિકો સાથે જલ્દી જ મુલાકાત કરીશ. અને મારા અનુભવ વર્ણવીશ. ભારત એક મહાન દેશ છે અને એક અદ્ભુત લોકતંત્ર છે જે અંતરીક્ષ ઉદ્યોગ ડગલાં ભરી રહ્યું છે. અમે તેનો હિસ્સો બની મદદ કરવાનું પસંદ કરીશું.' તેમણે એમ પણ જણાવ્યું હતું કે અંતરીક્ષથી હિમાલય અને ભારતના અન્ય ભાગોના રંગ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. દિવસ અને રાત બંને સમયે ભારતને જોવું એક અવિશ્વસનીય અનુભવ

અનુસંધાન પાના નં.૪ પર

## પ.બંગાલમાં સિલિન્ડર બ્લાસ્ટ : ૭ના મોત

કોલકત્તા : પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ધોલાહાટ વિસ્તારમાં થયેલા એક પ્રચંડ વિસ્ફોટમાં સાત લોકોના મોત થયા છે. માર્યા ગયેલાઓમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. સિલિન્ડર ફાટ્યા બાદ ઘરમાં રાખેલા ફટાકડાના વિસ્ફોટને કારણે આ વિસ્ફોટ થયો હતો જેના કારણે આખું ઘર નાશ પામ્યું હતું. ફટાકડામાં સિલિન્ડર બ્લાસ્ટથી આગ લાગી. પ્રારંભિક માહિતી અનુસાર સુંદરબનના ધોલાહાટ વિસ્તારમાં વણિક પરિવારના ઘરમાં વિસ્ફોટ થયો હતો.

## ઝારખંડમાં બે ટ્રેન વચ્ચે ભીષણ ટક્કર : ૩ના મોત : એન્જિનના પરખચ્ચા ઉડ્યા



નવી દિલ્હી : ઝારખંડના સાહિબગંજમાં મંગળવારે (પહેલી એપ્રિલ) ટ્રેન અકસ્માત સર્જાયો હતો. બરહેટ એમજીઆર લાઇન પર બે માલગાડીઓ એકબીજા સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં લોકો પાયલોટ સહિત ત્રણ લોકોના મોત થયા હતા જ્યારે ચાર CISF જવાનો ઈજાગ્રસ્ત થયા હતા. માલગાડીઓ વચ્ચે ટક્કરને કારણે, તેમાં ભરેલા કોલસામાં આગ લાગી ગઈ. ઘણી ફાયર એન્જિનો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે.અહેવાલો અનુસાર, સાહિબગંજમાં આ દુર્ઘટના મંગળવારે

અનુસંધાન પાના નં.૪ પર

## ઔરંગઝેબપુર હવે શિવાજી નગર

## ઉત્તરાખંડમાં ૧૭ સ્થળોના નામ બદલાયા : CM ધામીએ મંજૂરી આપી

નવી દીલ્હી : ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ હરિદ્વાર, દહેરાદૂન, નૈનિતાલ અને ઉધમ સિંહ નગર જિલ્લામાં સ્થિત વિવિધ સ્થળોના નામો બદલવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે આ નામકરણ લોકોની ભાવના અને ભારતીય સંસ્કૃતિ અને વારસા અનુસાર કરવામાં આવી રહ્યા છે. આનાથી લોકો ભારતીય સંસ્કૃતિ અને તેના સંરક્ષણમાં યોગદાન આપનારા મહાપુરુષો પાસેથી પ્રેરણા લઈ શકશે. સીએમ ધામીએ તેમના X હેન્ડલ પરથી આ લિસ્ટ પોસ્ટ કર્યું છે. લિસ્ટમાં જોઈ શકાય છે કે કયા સ્થળોના નામ બદલવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે હરિદ્વાર જિલ્લાનું ઔરંગઝેબપુર હવે શિવાજી નગર તરીકે ઓળખાશે. લોકોની લાગણીઓ અનુસાર, હરિદ્વાર, દહેરાદૂન, નૈનિતાલ અને ઉદ્ધમ સિંહ નગર જિલ્લામાં સ્થિત વિવિધ સ્થળોના નામ બદલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મુઘલ સમ્રાટ ઔરંગઝેબને લઈને દેશમાં ઘણી ચર્ચા ચાલી રહી છે.

## તિકડમ !

– દેવેન વ્યાસ




## કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં મોટો ઘટાડો, માતાજીના નોરતા ટાણે જ અપાઇ મોટી રાહત

નવી દિલ્હી : ચૈત્રી નવરાત્રિ ચાલી રહી છે છે ત્યારે આ દરમિયાન એક સારા સમાચાર સામે આવ્યા છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ મંગળવારે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરવાની જાહેરાત કરી. ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં તાત્કાલિક અસરથી ૪૧ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આનાથી ખાદ્ય અને રસોઈના વ્યવસાય સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓને રાહત મળશે.કોમર્શિયલ LPG




સિલિન્ડરના ભાવમાં ઘટાડા બાદ, મુંબઈમાં ૧૯ કિલોગ્રામના સિલિન્ડરની કિંમત ૧,૭૧૪.૫૦ રૂપિયા (પહેલા ૧,૭૫૫.૫૦ રૂપિયા), કોલકાતામાં ૧,૮૭૨ રૂપિયા (પહેલા ૧,૯૧૩ રૂપિયા) અને ચેન્નઈમાં ૧,૯૨૪.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

## ડીસામાં ફટાકડાની ફેક્ટરી અને ગોદામમાં વિકરાળ આગ : નવના મોત

અમદાવાદઃ ડીસાના ધુનવા રોડ પર આવેલી ફટાકડાની ફેક્ટરી અને ગોદામમાં આગ લાગી છે. આ અકસ્માતમાં નવ કામદારોના મોતની આશંકા છે.ખુબચંદ સિંધી નામના વ્યક્તિની માલિકીની દીપક ટ્રેડર્સ એજન્સીમાં ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. દરમિયાન, પ્રાથમિક અંદાજ મુજબ વિસ્ફોટક સામગ્રીમાં અચાનક વિસ્ફોટ થવાને કારણે આગ લાગી હતી.

## ૨૯મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ.સધાભાઈ રામજીભાઈ કાનગડ**
સ્વ.તા.૦૧/૦૪/૧૯૯૬

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનંક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુત : ।। ૐ ભગવદ ગીતા...
સાર એ આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, જે આત્માને અગ્નિ બાળી શકતો નથી, જે આત્માને પવન ઉડાડી શકતો નથી.

સખ્ત પરિશ્રમને તમોએ કર્મ નામ આપ્યું. સૌ પ્રત્યે લાગણી દર્શાવી પ્રેમ જીતી ગયા. સેવા તથા બંધુત્વની ભાવનાના જીવન મૂલ્યોની આપની સ્મૃતિ અમર રહેશે. ભક્તિમય અને નિસ્વાર્થ જીવન વિતાવી આપ અમારી વચ્ચેથી વિદાય થયાને આજે ૨૯વર્ષ પુરા થયા. સાક્ષાત વાત્સલ્ય મૂર્તિ અમારા સૌ માટે પ્રેરણા સ્ત્રોત સમાન આજે પણ છો. આપના પરોપકારી વિચારોની અમીદ્રષ્ટી સદાય અમોને મળતી રહે.

સ્વ.જમનાબેન સધાભાઈ કાનગડ
ખેંગાર સધાભાઈ કાનગડ, અરજણ સધાભાઈ કાનગડ
તેજા સધાભાઈ કાનગડ, શામજી સધાભાઈ કાનગડ, સજુબેન દામજી આહિર
પુત્રવધુઓ, પૌત્ર-પૌત્રીઓ, દોહિત્ર-દોહિત્રીઓ, પરપૌત્રા, પરપૌત્રી અને
સમસ્ત કાનગડ પરિવાર
નીલકંઠ સોલ્ટ સપ્લાય કાં. તથા નીલકંઠ ગ્રુપ ઓફ કંપનીઝ - ગાંધીધામ
એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ સ્ટાફ પરિવાર

# ગાંધીધામમાં ચેટીચંદની દબદબાભેર ઉજવણી

**ગાંધીધામમાં યોજાયેલી શોભાયાત્રા બની આકર્ષણનું કેન્દ્ર : સાંસદશ્રી સહિતના મહાનુભાવો-સીધી સમાજના લોકો મોટી સંખ્યામાં રહ્યા ઉપસ્થિત : મ્યુઝિકલ નાઈટ સહિતના યોજાયા વિવિધ કાર્યક્રમો**








તસવીર : ચિરાગ નાથાણી









ગાંધીધામ : સીંધી સમાજના ઈષ્ટદેવ ઝુલેલાલ જયંતી-ચેટીચાંદની ગાંધીધામ સંકુલમાં દબદબાભેર ભાવવિભોર ઉજવણી કરવામાં આવી હતી. સીંધી સમાજના ઈષ્ટદેવ ઝુલેલાલની જયંતિ પ્રસંગની પૂર્વ સંધ્યાએ ગાંધીધામ સંકુલમાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામા આવ્યુ હતુ. શહેરમાં દાદા ભગવાન-ડીપીએ ગ્રાઉન્ડ પાસેથી ભવ્ય બાઈક રેલીને સ્ટાર્ટ આપી શહેરભરમાં આ બાઈક રેલી ફરી હતી. બાઈક રેલીમાં આકર્ષણ દેખાવ કરનારાઓ માટે પર્યાવરણ પ્રતિ જાગૃતતા અર્થે લકક ડ્રોનું પણ આયોજન કરવામ આવ્યુ હતુ. જેમાં ટીવી-ઈલેકટ્રીક બાઈકના ઈનામો રાખવામા આવ્યા હતા. જેમાં ગાંધીધામ મતવિસ્તારના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશભાઈ પુંજ, કુમારભાઈ રામચંદાની, સેવકભાઈ લકવાણી, પ્રિતિબેન મુનસીયાણી સહિતનાઓ હાજર રહ્યા હતા.

તો વળી ગાંધીધામ ખાતે ચેટીચંદના દિવસે ઝુલેલાલ મંદીર ખાતે આરતી, બહિરાણા સાહીબ, લંગર પ્રસાદનું આયોજન કરવામા આવ્યું હતુ. સાંજે ઝુલેલાલ મંદીરથી શોભાયાત્રાનું આયોજન કરાયુ હતુ. જેમા લોકો ઉમટી પડયા હતા. આ શોભાયાત્રા દરમ્યાન ડીપીએના હાઈડ્રોજન અંગેની ઝાંખી, સીંધીની ઝાંખી, ઉપરાંતય સ્વૈચ્છીક સંસ્થાઓ, શાળાઓ મળીને ૫૦થી વધુ ઝાંખીએ લોકોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતુ. ડીજે અને નગારાના તાલે જય ઝુલેલાલના નાદ સાથે મુખ્ય બજારમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ શોભાયાત્રામાં ઉપસ્થિત અગ્રણીઓનું વિવિધ સંસ્થાઓ અને સમાજ દ્વારા સ્વાગત સન્માન કરવામા આવ્યુ હતુ. ચેટીચાંદની પૂર્વ સંધ્યાએ તથા ચેટીચંદના દીવસે યોજાયેલા બાઈક રેલી, ગાંધીધામમા શોભાયાત્રામાં જુદી જુદી સંસ્થાઓની જાંખીઓએ સહિતના વિવિધ કાર્યક્રમોએ અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. વિવિધ સ્થળોએ મ્યુજિકલ નાઈટ, આરતી, બહિરાણા સાહેબ, લંગર પ્રસદાનું પણ આયોજન કરવામા આવ્યુ હતુ. શોભાયાત્રા દરમ્યાન સાંસદ વિનોદ ચાવડા,ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, મહામંત્રી ધવલભાઈ આચાર્ય, શહેર ભાજપના પ્રમુખ વીજયભાઈ પરમાર, વિજયસિહ જાડેજા,મહેન્દ્ર જુણેજા, માધુભાઈ ભીમાણી,જીતુભાઈ નાથાણી, દીપકભાઈ ગગલાની, મુકેશભાઈ ભકડ, વિનોદભાઈ મેઘાણી, પ્રકાશભાઈ મીઠવાણી, લક્ષ્મણભાઈ નાથાણી, સંજુભાઈ મંગે, નિર્મલભાઈ, સોનુ ભાઈ મંગલાની, રાજુભાઈ મંગલાની, રાજુભાઈ ગોરી, મેહુલભાઈ ભીમાણી, કપિલ ભાઈ નાથાણી, સુનિલભાઈ ભાનુશાલી, સતિષભાઈ રેવાની વગેરે તથા વિવિધ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

---

## સંકુલની લાગણીનો દિલ્હીમાં અંતે પડઘો : મોદી હે તો સબ મુમકીન હે!

# એસઆરસીનું વર્તમાન બોર્ડ વિખેરાયું : કેન્દ્ર સરકારે લીધો કબ્જો :

# વર્તમાન ડાયરેક્ટર્સ કરાયા બેદલખ-નોમીનીની નિમણુંકનો તખ્તો

**કૌભાંડો-ગેરરીતી-બોગસ સકસેસનની ફરીયાદોનો અંતે પડઘો..! : જતીન-ધર્મેશના બોગસ દસ્તાવેજોના આધારે મેળવાયેલા સકસેસન સર્ટીફીકેટ વાળુ પ્રકરણ પણ નડી ગયું : ગાંધીધામની જમીન માર્કેટમાં ભૂકંપની સ્થિતી**

**આરઓસી સમક્ષ લાંબા સમયથી આ મહાનસંસ્થાના અમુક બની બેઠેલાઓ દ્વારા આચરાયેલા કૌભાંડોની થયેલી ફરીયાદો, સિંધુભવન મામલે પીએમઓ સુધી થયેલા પત્રવ્યહવારો બાદ પોલીસ ફરીયાદ થવી, આરોપીઓ તરીકે સંસ્થાના ડાયરેક્ટર-કર્મીની ધરપકડ કરવી, જામીન ન મળવા અને રીમાન્ડ પર રીમાન્ડ મંજુર થવાની ઘટના બાદ અંતે કોમર્સ મંત્રાલય આવ્યુ એકશનમાં : ડીપીએ -કંડલા મારફતે એસઆરસી બોર્ડ વિસર્જનનો લેવાઈ ગયો નિર્ણય**

**એસઆરસી પાસે બાકી જમીનો સરકારમાં કરાશે જમા, વર્તમાન ડાયરેક્ટરને કરાયા બેદખલ : સરકારે નોમીની ડાયરેક્ટર નીમવાની આદરી કવાયત : બાકી રહેલી જમીન-પ્લોટો રાજય સરકારને સુપરત કરવા કેન્દ્ર સરકારે કરાવ્યું સંકલન : એસઆરસી ભવન ખાલી કરી ગાંધીધામ મનપા કમિશ્નર કચેરી માટે ફાળવાની ચાલતી કાર્યવાહી**




ગાંધીધામ : પૂર્વ કચ્છ માત્ર જ નહી પરંતુ ગુજરાતની પ્રતિષ્ઠીત સંસ્થાઓમાં ગણનાપાત્ર મહાન સંસ્થા એસઆરસી પાછલા અમુક સમયથી સતત ચર્ચાના એરણે ચડી રહી હતી. અહી થયેલ ગેરવહીવટ, અમુક બની બેઠેલાઓની મનસ્વી નીતી રીતીઓ, ભ્રષ્ટાચાર તથા હવે આ સંસ્થા પાસે અગાઉના પ્રમાણની જમીનો પણ બચી ન હોવા ઉપરાંત સંસ્થાનો ઉદેશ્ય પણ હવે પાર પડી ગયો છે, ત્યારે રહી સહી જમીનોમાં વધી રહેલી ગેરરીતીઓ સહિતનાઓને ડામવાની દીશામાં કેન્દ્ર સરકારે આ સંસ્થાનું વિસર્જન કરવુ જોઈએ, બોર્ડ ડીસોલ્વ કરવુ જોઈએ અને સરકારના ડાયરેકટરો તેમાં નીમી દેવા જોઈએ. આ મુજબની સંકુલના જાણકાર લોકોની માંગનો પડઘો દિલ્હીમાં પડયો હોવાનુ સામે આવી રહ્યુ છે અને આ મહાનસંસ્થાના વહીવટ મુદ્દે આરઓસી સમક્ષ થયેલી થોકબંધ ફરીયાદો બાદ આરઓસીએ કંપનીને પુછાણા લેતીનોટીસ ફટકારી હતી, પરંતુ તેમા જવાબ સંતોષકારક ન મળતા એનસીએલ (ટ્રીબ્યુનલ કક્ષાએ)કેસ દાખલ કરવામા આવ્યો હતો જે બાદ કેન્દ્ર સરકાર કોમર્સ મિનીસ્ટ્રીએ આ ધાક બેસાડતો પગલુ ભર્યુ છે. જે રીતે આ જ સંસ્થા સલગ્ન દિલ્હી મધ્યે ભાઈપ્રતાપજીએ સ્થાપેલી અર્બન ડેવલપમેન્ટ કંપનીમાં ઉભી થયેલી ગેરરીતીઓના સંદર્ભમાં જે રીતે તત્કાલીન કેન્દ્ર સરકારે ધાક બેસાડતી કાર્યવાહી કરી હતી. તેમાથી ડાયકેરટરોને બે દખલ કર્યા અને સ્વતંત્ર ડાયરેકટરોની નિમણુંક કરી હતી. એ માંગ વીતેલા એકાદ દોઢવર્ષથી આદિપુર સ્થિતી મહાનસંસ્થા એસઆરસીના સંદર્ભમાં પણ સતત ઉઠવા પામી રહી હતી. અને હવે જાણ કે વર્તમાન સરકારના કાન સુધી પણ આ મહાનસંસ્થાને લઈને ચાલતી માંગ પહોચી હોય તેમ કેન્દ્ર સરકારના શિપીંગ વિભાગ દ્વારા આદેશ આપી દેવામા આવ્યો છે અને અહીના અમુક બની બેઠલ ડાયરેકટરોની ઘરભેગા કરી દીધા હોવાનુ સામે આવવા પામી રહ્યુ છે. કેન્દ્ર સરકાર આ પ્રકારનો નિર્ણય લેવા માટે એટલે ફરજ પડી છે કે આ બન્ને કંપઆીઓમાં આચરાયેલી ગેરરીતીઓ છડેચોક બહાર આવવા પામી હતી. ગત ત્રણ દાયકાઓ દરમ્યાન ગંધીધામ સ્થિતી નામદાર અદાલતથી કરી દેશની સર્વોચ્ચ અદાલત સુધી ચાલી રહેલો કાનુની જંગ આજે પણ વણથંભ્યો જ રહેવા પામ્યો છે. ગાંધીધામ સ્થિતી આ મહાનંસંસ્થાના શેરો, મકાનો, દુકાનો, તથા પ્લોટો. કોઈક દીવસે આપ્યા અર્બન ડેવલપમેન્ટ કંપનીને, કોઈક દીવસે તબદલી કર્યાની ઘટનાઓ ખુબ ગાજી ચૂકી છે. આ તમામ ફરીયાદો અને તેમાં પણ નેકસસ કલબની છેતરીપીંડીની ન માત્ર એફઆઈઆર થવા પામી, બલ્કે તેમાં સંસ્થાના એક ડાયરેકટર અને એક કર્મીની ધરપકડ કરાઈ છે, હવે તેમના જામીન પણ મંજુર થતા નથી, રીમાન્ડ પર રીમાન્ડ મળી રહ્યા છે, અન્યમદદગારો વિદેશ સરકી ગયા છે, ત્યારે હવે આ મહાનસંસ્થા નધણીયતી અવસ્થામાં અથવા તો એકલ-દોકલના હાથમાં ન જતી રહે તે પહેલા જ કેન્દ્ર સરકારે ગંભીરતા સમજી અને વર્તમાન બોર્ડને વિખેરી નાખવાનો આદેશ આજ રોજ ૧ એક એપ્રીલના રોજ કોમર્સ મિનીસ્ટ્રી દ્વારા જાહેર કરી દેવામા આવ્યો છે. શીપીંગ અને પોર્ટ તથા વોટરવેઈઝ વિભાગ મારફતે ડીપીએ કંડલામાં આ પત્ર ઈમેઈલ મારફતે અપાઈ ગયો છે. આ અંગે ડીપીએ કંડલાએ જો કે, હજુ સુધી મગનું નામ મરી પાડયું નથી. પરંતુ બોર્ડ વિખેરવુ, વર્તમાન ડાયરેકટર સીધી અસરથી બેદખલ, નવા નોમીની સભ્યોની નિમણુક કરી દેવાશે તથા બચેલા પ્લોટ -જમીન રાજય સરકારને આપી દેવા-સુપરત કરી દેવા પણ સરકાર સાથે સંકલન સાધી લેવાયુ છેઅને એસઆરસી ભવન પણ ખાલી કરાવી અને ત્યા ગાંધીધામ મહાનગરપાલિકાની કચેરી બનાવવાનો પણ આદેશ કરી દેવાયો હોવાનુ સામે આવી રહ્યું છે. આ બાબતે ગાંધીધામ મનપા તંત્રના ડે.કમિશ્નરશ્રીને પુછતા તેઓએ કહ્યુ હતુ કે, વાત અમે સાંભળી છે પરંતુ હજુ સુધી સત્તાવાર રીતે અમને આવો કોઈ જ આદેશ મળવા પામ્ય નથી. જો કે, કચેરી જો સિંધુભવનમાં સ્થળાંતરીત કરવામા આવી જાય તો ઘણી બધી વહીવટી કુશળતા થવા પામી શકે તેમ મનપાના અધિકારીગણશ્રી ઓએ જણાવ્યુ હતુ. તંત્ર તો હજુ સુધી સ્પષ્ટ વાત કરવાનુ ટાળી રહ્યા છે પરંતુ મુંબઈના જતીન-ધર્મેશના બોગસ દસ્તાવેજોના આધારે બનાવાયેલા ૧૦૦થી વધુ સકસેસન સર્ટી બનાવવાના પ્રકરણનાકરોડોના કૌભાંડનો પણ આ પ્રકારના નિર્ણયમાં ચાવીરૂપ ભુમીકા ભજવી ગઈ હોવાનુ કહેવાય છે ત્યારે આ સમાચારથી ગાંધીધામની જમીન માર્કેટમાં પણ ભુકંપ જેવી હલચલ આજ રોજ ૧ એપ્રીલના દીને સર્જાયેલી જોવા મળી રહી છે. સંકુલના લોકો આ નિર્ણયને અવકારી અને કહી રહ્યા છે કે, સત્ય જે હોય તે, સત્તાવાર આદેશ જયારે આવે ત્યારે પરંતુ આજ રોજ આવેલા આ સમાચારથી સંકુલની જુની માંગ સંતોષાતી જોવા મળી રહી છે.

# ગાંધીધામ ટિમ્બર બેન્સા આગ : 30 કરોડનું નુકશાન



**૧૫ ફાયટરો દ્વારા લાખો લીટર પાણીનો ઉપયોગ કરાયો : રાત્રીના ૧ વાગ્યાની આસપાસ આગ આવી કાબૂમાં : પેટ્રોલપંપ બચાવી લેવાયો**









તસવીર : અશોક મિતલ















## આગને રોકવા માટેના નવી ટેકનોલોજીના સાધનોનો અભાવ

ભુજ : ભારત દેશનો પહેલા નંબરનું પોર્ટ છે દિનદયાળ પોર્ટ કંડલા અને ભારત દેશનો સૌથી ટિમ્બર ઉદ્યોગ અને પ્લાયવુડની ફેક્ટરીઓ પણ કંડલા કોમ્પ્લેક્ષમાં આવેલી છે. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા આઠવલે રાષ્ટ્રીય સચિવ રાજેન્દ્ર ટાંકે જણાવ્યું હતું કે, આગને ઓલાવવા માટે માટે નવી ટેકનોલોજીના કોઈ પણ સાધન વસાવવામાં આવેલ નથી પરંતુ એની સેફટી માટે જોઈએ એવી કોઈ સુવિધા નથી જેથી કરીને ટિમ્બર ઈન્ડસ્ટ્રી છે પોતાના એસોસિએશન દ્વારા પોતાના પૈસા ખર્ચી અને બે ફાયરની ગાડી વસાવેલી છે. કંડલા પોર્ટ પાસે ફાયરની ગાડી છે પણ નગરપાલિકા કે બીજી કોઈ મોટી ફાયર બી ગેટના સાધનો લેટેસ્ટ ટેકનોલોજીના નથી. ઈફકો પાસે પોતાનું ફાઈર સ્ટેશન છે, પરંતુ લેટેસ્ટ ટેકનોલોજીમાં અત્યારે પણ ગાંધીધામ ફાયર બ્રિગેડ પાણીથી જ ચાલે છે જે ખરેખર હજી પણ અંગ્રેજોના વખતનો ટેકનોલોજી યુઝ કરાય છે. ઈઆરસી સેન્ટર ગાંધીધામમાં વર્ષો પહેલા નવું બનેલું હતું, જેમાં મોટા સાધનો ફાયર સેફટીના વાવાઝોડા, પૂર માટે અનેક સાધનો વસાયેલા હતા. આજે પણ એ સાધનો ક્યાં ગયા સ્થળ ઉપર જોવા મળતા નથી. સ્ટાફનો પણ ખૂબ જ અભાવ છે. આજે નવી યુગની ટેકનોલોજી ફાયર સેફટી માટે અનેકો ટેકનોલોજી આવેલી છ બીજી લિક્વિડ આઈટમનો ઉપયોગ દેશમાં થઈ રહ્યો છે, જ્યારે કંડલા કોમ્પલેક્ષ હજી પણ પાણીમાંથી બહાર નીકળ્યું નથી કારણ કે કોઈપણ બોર્ડ ઉપર જે ઝેરી રસાયણોના ઉતરે એ બધા રસાયણ મટીરીયલ કંડલા પોર્ટમાં એલાઉડ છે. અને કાંઈ પણ ઘટના ઘટે તો કંડલા કોમ્પ્લેક્સને પુરૂ થતાં કાંઈ વાર લાગે એમ નથી. ગઈકાલે ગાંધીધામથી ભચાઉ રોડ ઉપર પડાણા નજીક ફેક્ટરીમાં રોડ પર આગ લાગી તેમાં એકદમ નજીકમાં પેટ્રોલ પંપ આવેલો છે અને હાઈવેને પણ થોડોક સમય માટે બંધ કરી દેવામાં આવ્યો એટલી મોટી ઘટના બનેલ છે. આપણે આને જોતા એવું લાગી રહ્યું છે કે હજી ટેકનો ટેકનોલોજી યુગમાં આવતા આપણે ઘણો સમય લાગશે એવું દસ્તરી કોણ થાય છે. હમણાં તપાસ કરી અને જોશો તો ખ્યાલ આવશે કે આગની કેટલી ઘટના બની અને એમાં શું રિઝલ્ટ મળ્યું માટે આ બાબત બહુ ગંભીર ગણી અને પગલા લેવામાં આવે તે આજના સમયની માંગ છે. જિલ્લામાં દિન પ્રતિદિન આગની મોટી ઘટનાઓ બની રહી છે. આગને રોકવા માટેના નવી ટેકનોલોજીના કોઈપણ સાધન ઉપલબ્ધ નથી.

ગાંધીધામ : ભચાઉ - ગાંધીધામ હાઈવે પર પડાણા નજીક સોમવારે બપોરે શંકર ટીમ્બર માર્ટ નામના લાકડાના ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. લાકડાના બેન્સા ગોડાઉનથી માત્ર ૨૫થી૩૦ મીટરના અંતરે પેટ્રોલ પંપ આવેલો હોવાથી સ્થિતિ વધુ ચિંતાજનક બની હતી. હવાની દિશા પેટ્રોલ પંપ તરફ હોવાથી આગ તે દિશામાં પ્રસરી રહી છે ત્યારે આસપાસના લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જો વહેલી પરોઢના આગ કાબુમા આવી હતી. ગઈકાલે સાંજે જિલ્લા કલેકટર આનંદભાઈ પટેલ, પૂર્વ કચ્છ જિલ્લા પોલીસવડા સાગર બાગમાર સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કર્મીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ અંગે મળતી વિગતો મુજબ શંકર ઈન્ટરનેશનલ પ્રા.લી.માં લાગેલી ભીષણ આગ પરોઢે કાબૂમાં આવી હતી. ગાયત્રી પેટ્રોલ પંપની પાછળ આવેલા આ બેંસોમાં ગઈકાલે બપોરે લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની ઘટનામાં બે ખાનગી એકમો અને કસ્ટમ વિભાગના બોન્ડમાં રાખેલા લાકડાનો જથ્થો સળગી ગયો હતો. પ્રાથમિક અંદાજ મુજબ ૨૫થી ૩૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. ફાયર વિભાગના જવાનોની સતર્કતાથી નજીકના પેટ્રોલ પંપને બચાવી લેવામાં આવ્યું હતું. કંડલા, ઈઆરસી, વેલસ્પન કંપની અને ભચાઉ સુધરાઈના ફાયર ફાઈટર્સે લાખો લીટર પાણીનો ઉપયોગ કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. રાત્રે ૧ વાગ્યે મોટાભાગની આગ કાબૂમાં આવી હતી.

હાઈવેને બંને તરફથી પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા બંધ કરી દેવામાં આવ્યો હતો. ગાંધીધામ અને ભચાઉના કુલ ૬ ફાયર બ્રિગેડની ટીમો સાથે આસપાસના ગામડાના ૧૫થી ૧૬ જેટલા પાણીના ટેન્કર આગને કાબૂ મેળવવા માટે કામગીરી કરી હતી.

શંકર બેન્સોના માલિકે વિજય બંસલના જણાવ્યા અનુસાર આગ લાગવાનું ચોક્કસ કારણ સર્વે બાદ જ જાણી શકાશે. નુકસાનનો આંકડો ૩૦ કરોડથી પણ વધુ હોઈ શકે છે. કારણ કે શંકર બેન્સો ઉપરાંત બાજુના લાંબા ટીમ્બર અને કસ્ટમ વિભાગના બોન્ડમાં રાખેલા દસ જેટલી કંપનીઓના વિદેશી લાકડાના જથ્થાને પણ નુકસાન થયું છે. હાલ વિદેશી લાકડાના જથ્થામાં હજુ પણ ચિંગારીઓ સળગી રહી છે, જેને ઠારવા માટે પાણીનો છંટકાવ ચાલુ છે. સફાઈ અને સર્વેની કામગીરીની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

લાકડાના ગોડાઉનમાં લાગેલી આગના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. તો આ આગની ભયાનકતાનો અંદાજ વીડિયો જોઈને પણ લગાવી શકાય છે. આ આગના ધુમાડાના ગોટેગોટા પણ દૂરથી જ લોકોને દેખાઈ જતા લોકો ગાડી રોકીને યુ ટર્ન મારી સુરક્ષિત રસ્તે પરત ફરી બીજા માર્ગ પરથી નિકળ્યા હતા.

## આદિપુર સ્થિત અદ્યતન ઈઆરસી સેન્ટર વધુ એક વખત શોભાનું ગાંઠીયું જ પુરવાર થયું!

**ભુકંપ બાદ વિકસેલા કચ્છના ઔધોગીક એકમોના ધમધમાટની વચ્ચે ફાયર સેફટી માટે આધુનીક ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરની સ્થાપના કરાઈ પરંતુ જાણે કે બધુ જ કાગળ પર હોય તેવો તાલ થતો રહે છે, હાલમાં પણ ગાંધીધામમાં જવાહરનગર હાઈવે પાસે ગઈકાલે લાગેલી આગમાં ૨૦થી વધુ ફાયર ફાયટરો કામે લાગ્યા, કલાકો બાદ માત્ર અડધી આગ જ આવી કાબુમાં, હાઈવેને કલાકો સુધી બંધ કરવો પડયો, બાજુના પેટ્રોલપંપમાં બ્લાસ્ટનો ખૌફ સર્જાઈ ગયો, ત્યા સુધી ઈઆરસી કયાંય કામ જ ન લાગ્યું..? : આવી ભયાવહ આગને કાબુમાં કરવા ઈઆરસીમાં માત્ર પાણીના મારા ચાલવતા વાહનો ઉપરાંત જરૂરી જવલંતશીલ કેમીકલને ડામી શકે તેવા ફોર્મ-જરૂરી લીકવીડની હોય છે જરૂર, આ બધાનો ઉપયોગ સમયસર કરી શકે તેવા પુરતા ટ્રેઈની સ્ટાફની પણ હોય છે જરૂર, જયારે જયારે પૂર્વ્ કચ્છમાં કોઈ મોટી ઘટનાઓ બને છે, અકસ્માતની ત્યારે ત્યારે ઈઆરસી બની જાય છે ઔપચારીક નામ પુરતું જ....!**

**આ તો કલાકોની જહેમત અને મહેનતથી આગને પેટ્રોલપંપ સુધી ફેલાતી અટકાવી લેવાઈ, પેટ્રોલપંપ જો આગની ઝપ્ટમાં આવ્યુ હોત તો ખાનાખરાબીનો આંક કયા ગયો હોત? અવાર નવાર આ હાઈવે પર કેમીકલના ટેન્કરો પણ ઉલ્ટી જવાની ઘટનાઓ બનતી હોય છે, અતિ જવલંતશીલ કેમીકલની કચ્છમાથી હેરફેર થાય છે, પરંતુ આકસ્મીક ઘટનાઓ સમયે રાહત-બચાવ માટે સ્થપાયેલ ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર મહદઅંશે ઉપયોગી ન થતુ હોવાની સર્જાય છે સ્થિતી**

**ઈઆરસી કેન્દ્ર હવે વેળાસર જ મનપા હસ્તક લઈ લેવુ જાઈએ..: નગરપાલીકાના સમયકાળમાં તો આ ઈઆરસી કેન્દ્રને લઈને ઉઠતી હતી કઈક ફરીયાદો : ફોન પણ ગંભીર ઘટનાઓ વખતે ઉપાડવાની કોઈએ તસ્દી જ નથી લીધી, પડાણા પાસેની ઘટના વખતે પણ ઈઆરસી કયાંય આગળ આવતુ ડોકાયું જ નહી..!**

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઔધોગીક પાટનગર ગાંધીધામથી ભચાઉ તરફના નેશનલ હાઈવે પર ગઈકાલે બપોરે એકાદ વાગ્યાના અરસામાં જવાહરનગર આસપાસમાં લાકડાની લાતીના ગોદાઉનમાં ભયાવહ આગની ઘટના બનવા પામી હતી. આ આગ જોતજોતામાં વાયુ વેગે પ્રસરી ગઈ હતી અને બાજુમાં રહેલા બે પેટ્રોલપંપો પેકીના એકને ચારેબાજુથી ઘેરી વળી હોવાની સ્થિતી સર્જાઈ હતી. આ આગ એટલી ભયંકર બની જવા પામી હતી કે આખાય વિસ્તારમાં ઉચ્ચાટ ફેલાઈ જવા પામ્યો હતો.આગને જોતા આસપાસમાં રહેતા લોકોમાં પણ ભય ફેલાઈ ગયો હતો તે પેટ્રોલપંપના કર્મીઓ સ્થળ છોડીને નાશી ગયા હતા. રાહદારીઓને અટકાવી દેવાયા, નેશનલ હાઈવે પર વાહનોની અવરજવર બંધ કરી દેવાઈ એટલે કે, આ હાઈવે ત્રણથી ચાર કલાક માટે બંધ જ કરી દેવામા આવ્યો હતો. પ્રશાસન અને તંત્રમાં પણમોટી દોડધામ જ મચી જવા પામી હતી. કલકેટરશ્રી, નાયબકલેકટરશ્રી અંજાર તથા મ્યુનિ.કમશ્નરશ્રીઓ તથા પોલીસ અધિકારીઓ સહિતનાઓ ઘટના સ્થળે ત્વિરીત જ દોડી જવાની સ્થિતીમાં આવી ગયા હતા. આ બધાની વચ્ચે અહી સૌથી મોટો સવાલ તો એ જ થવા પામી રહ્યો છે કે, આગને ઓલાવવા માટે કંડલા ટીમ્બર, ઈફકો, અદાણી, મહાનગરપાલિકા સહિતના ફાયર ફાયટરોને દોડાવ્યા હતા. અંદાજીત ૨૦થી વધુ જેટલા ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી અને આગને વધુ વકરતી અટકાવવા પ્રયાસ કર્યોહતો પરંતુ આવી મહાકાય આકસ્મીક આફતોનો સામનો કરવા માટે પૂર્વ કચ્છમાં ખાસ સ્થપાયેલ ઈઆરઆસી સેન્ટર એટલે કે ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર વધુ એક વખત જાણે કે શોભાના ગાંઠીયા સમાન જ પુરવાર થવા પામ્યુ હોય તેવી સ્થિતી સર્જાવવા પામી ગઈ હતી. ઈઆરસી પૂર્વ કચ્છમાં આવી મહાકાય સમસ્યાઓને ડામવાના હેતુસર જ સ્થાપના કરવામાં આવી છે પરંતુ જયારે જયારે આવી કોઈ મોટી ઘટના બને છે ત્યારે ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર કયાય પણ કારગત નીવડતુ જોવા નથી મળતુ?હકીકતમાં આ બાબતે તપાસ થવી જોઈએ. કલેકટરશ્રીએ આ અગે રીવ્યુ કરવો જોઈએ. પૂર્વ કચ્છમાં અલગ અલગ મોટી આગની ઘટનાઓ બને છે ત્યારે માત્ર પાણીના મારાથી તેને કાબુમાં લેવી શકય નથી હોતી, ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરમાં નિષ્ણાત અને તાલીમ બદ્ધ સ્ટાફ, કેમીકલમા લાગતી આગોને ઝડપથી ઓલાવવા જરૂરી ફોમ સહિતની સુવિધાઓ હોવાના દાવાઓ કરવામા આવતા હોય છે તો પછી આવા સમયે કેમ તે કામ નથી આવતા?

## પહેલા પાનાથી...

### નવી ટેકસટાઇલ

માનવી સુધી આરોગ્યની સેવાઓ સરળતાથી મળે તેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. વડાપ્રધાનએ મેક ઈન ઈન્ડિયા સાથે આત્મનિર્ભર ભારત નિર્માણની દિશા આપણને આપી છે, આજે ભારતમાં આટલું વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉત્પાદકતા ધરાવતો પ્લાન્ટ અહીં સૌરાષ્ટ્રમાં સ્થાપિત થાય છે તે આ દિશામાં વધુ એક નકકર કદમ છે. રોજ એક કરોડથી વધુ ડાયપર અને હાઈજીન પ્રોડક્ટનું ઉત્પાદન કરવાની ક્ષમતા સાથે આ પ્લાન્ટ રોજગારી સર્જન અને નિકાસ એકમ બનવાના લક્ષ્ય સાથે કામ કરી રહ્યો છે. મેન્યુફેક્ચરિંગ ઈકો સિસ્ટમની દ્રઢતાનું ઉત્તમ ઉદાહરણ તે પૂરું પાડે છે. લગભગ ૨૨૦૦થી વધારે લોકોને રોજગારી સહિત ૫૦%થી વધારે મહિલાઓને રોજગારી આપીને આ યુનિટે મહિલા સશક્તિકરણનું પણ ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. પાન હેલ્થ કેર ગ્રુપે ટીમ વર્ક, ગુણવત્તાયુક્ત ઉત્પાદન, સ્વચ્છતા અભિયાન, સંસ્કૃતિનો સમન્વય અને માન મર્યાદા જેવા પંચકર્મોથી પોતાની ધરોહરને મજબૂત બનાવી છે.

### સુધારેલા દર

ઓનલાઈન અને ઓફલાઈન વાંધા સૂચનોથી લઈને સરકારને રૂબરૂ રજૂઆત સુધી થયો હતો. મહેસૂલ વિભાગે જિલ્લાઓમાંથી સમિતિઓના રિપોર્ટ મંગાવ્યા હતા અને ૬ હજારથી વધુ વાંધા સૂચનો ફક્ત જંત્રીના દર ઘટાડવા માટેના મળતા અને ૧૭૦૦ જેટલા સૂચન જંત્રીના દર વધારવા માટેના પણ મળતા સરકારને જે દર જાહેર કર્યા હતા, તેમાં નવેસરથી વિચારણા કરવાની ફરજ પડી હતી. તે ઉપરાંત દાહોદ, કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાંથી પણ વિવિધ કારણસર ડેટા અપૂરતા મળ્યા હતા. સ્ટેમ્પ પેપરની પણ મોટાપાયે ખરીદી શરૂ થઈ હતી. તો બિલ્ડર લોબી રિઅલ એસ્ટેટમાં મકાનો મોંઘાદાટ થાય તો વધુ મંદીના આવે તે પ્રમાણે દરમાં ફેરફાર થાય તેવો મત ધરાવતા હતા. તેવા વિવિધ કારણોથી પણ સમગ્ર રાજ્યમાં દર વધારવા માટેનો અમલ અટકી પડ્યો હતો. સરકારને બાકી જિલ્લાઓમાંથી સમિતિઓના રિપોર્ટ મળ્યા બાદ મહેસૂલ વિભાગ પોકેટ વાઈઝ દર યોગ્ય છે કે નહીં તેની ચકાસણી કરશે. જંત્રીના નવા લાગુ થનારા દર સાયન્ટિફિક નહીં લાગે ત્યાં સુધી તેને અમલમાં મૂકાશે નહીંવહીવટી તંત્રમાં અને મુખ્યમંત્રી કક્ષાએ ઉચ્ચ સ્તરે મંજૂરી મેળવશે તે પછી જ નવા દર જાહેર કરવામાં આવશે. બીજી તરફ ૧ એપ્રિલથી નવા દરની જાહેરાત થઈ શકે છે

### બિહારમાં કોંગ્રેસની

પ્રયાસ કરતા કેટલાક કાર્યકર્તાને ધક્કો લાગતા મામલો બિચક્યો હતો. તેથી સુરક્ષા કર્મીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થયાનું પણ કહેવાય છે. બીજી તરફ કોંગ્રેસે પણ રેલીમાંથી નીકળી જવા મુદ્દે કન્હૈયા કુમારનો બચાવ કર્યો છે. પાર્ટીના કાર્યકર્તાના જણાવ્યા અનુસાર, કોંગ્રેસની યાત્રા એસએસબી પરિસર પાસે પહોંચી, ત્યારે કેટલાક કાર્યકર્તાઓ સેલ્ફી લેવા માટે એક-બીજાને ધક્કા મારી રહ્યા હતા. આ દરમિયાન સુરક્ષા કર્મીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે વિવાદ થયો હતો, જેના કારણે કુમારે અધવચ્ચે જ યાત્રા છોડીને જતું રહેવું પડ્યું હતું. ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.પશ્ચિમ બંગાળ જિલ્લાના ભિતિહરવા આશ્રમથી ૧૬મી માર્ચે કોંગ્રેસની યાત્રા શરૂ થઈ હતી. આ તે જ જગ્યા છે, ત્યાં મહાત્મા ગાંધીએ ૧૯૧૭માં પ્રસિદ્ધ ચંપારણ સત્યાગ્રહ શરૂ કર્યો હતો. કોંગ્રેસની આ યાત્રાના ૧૫માં દિવસે કુમાર અરરિયા પહોંચ્યા હતા.

### અવકાશમાંથી

હતો. વિલિયમ્સે જણાવ્યું હતું કે પૃથ્વી પર પરત આવ્યા બાદ સૌથી પહેલા તેમણે પોતાના પતિ અને પાલતુ કૂતરાઓને ગળે લગાવ્યા. સૌથી પહેલા ગ્રીલ્ડ સેન્ડવીચનો સ્વાદ માણ્યો અને પિતાને યાદ કર્યા. ગયા વર્ષે સુનિતા વિલિયમ્સ અને બુચ વિલમોર આઠ દિવસના એક મિશન પર સ્ટારલાઈનરમાં સવાર થઈને અંતરીક્ષમાં ગયા હતા. જોકે ટેકનિકલ સમસ્યાના કારણે તેમણે ૯ મહિના સુધી અંતરીક્ષમાં જ રોકાવવું પડ્યું હતું. જે બાદ ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે એક સ્પેશિયલ મિશન લોન્ચ કર્યું હતું. નોંધનીય છે કે સુનિતા વિલિયમ્સ મૂળ ભારતીય અમેરિકન અંતરીક્ષયાત્રી છે. તેમનો જન્મ ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ અમેરિકામાં થયો હતો. તેમના પિતા દિપક પંડ્યાનું મૂળ વતન ગુજરાતનાં મહેસાણા જિલ્લામાં સ્થિત ઝુલાસણ ગામ છે. તેઓ ૧૯૫૭માં મેડિકલના શિક્ષણ માટે અમેરિકા ગયા હતા.

### ઝારખંડમાં બે

સવારે ૩:૩૦ વાગ્યાની આસપાસ સર્જાય છે. ફરક્કાથી આવતી ખાલી માલગાડી બરહેટ એમટી પર ઉભી હતી ત્યારે લાલમટિયા તરફ જતી કોલસા ભરેલી થ્રુપાસ માલગાડીએ તેને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર બાદ કોલસા ભરેલી માલગાડીમાં આગ લાગી હતી અને ઘણી બોગીઓ પાટા પરથી ઉતરી ગઈ હતી. ઘટનાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.આ અકસ્માતમાં લોકો પાયલોટ સહિત ત્રણ લોકોના મોત થયા હતા જ્યારે ચાર સૈૈજીહ્ન જવાન ઘાયલ થયા હતા. ઘાયલોની સારવાર બરહાટ સદર હોસ્પિટલમાં ચાલી રહી છે. ઘટના બાદ, વહીવટી ટીમ ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી.

## નિર્ધારીત આયોજન મુજબ કચ્છ શાખા નહેરમાંથી પાણી છોડવાનુ આજે બપોરથી કરાયું બંધ

**આગોતરા આયોજનો કરાયા હશે તો વાંધો નહી આવે નહી તો પૂર્વ કચ્છમાં પાણીની ઉભી થશે સમસ્યાઓ : પાણી પુરવઠા બોર્ડ સહિતના વીભાગો વચ્ચે સંકલન કરવું હતુ ખુબ જરૂરી**

ગાધીધામ : ભર ઉનાળે કચ્છમાં પાણીની સમસ્યા ઉભી થાય તેવી સ્થિતી પાછલા અમુક સમયથી સતત જોવામા આવી રહી હતી તે અનુસાર જ હવે આજ રોજ બપોરે એક વાગ્યાથી કચ્છ શાખા નહેરમાં પાણી છોડવાનું બંધ કરવામા આવ્યુ હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. કેનાલની સફાઈ, સમારકામ સહિતના મામલે અગાઉ કરાયેલી જાહેરાત અનુસાર આજ રોજ બપોરના ૧ વાગ્યે પાણી બંધ કરાયુ હોવાનુ જાણવા મળી રહ્યું છે. જાણકારો કહી રહ્યા છે કે, આગોતરા આયોજનો નહી કર્યા હશે તો વાંધો નહી આવે નહી તો આગામી સમયમાં ભર ઉનાળે કચ્છમાં પીવાના પાણીની ખાસ કરીને વાગડથી ગાંધીધામ સુધીના પટ્ટામાં પાણીની ભારે સમસ્યા-કટોકટી સર્જાવવા પામી જશે. પાણી પુરવઠા બોર્ડ, નર્મદા નિગમ સહિતનાઓએ આગોતરૂ સંકલન કર્યુ હશે તો કદાચ થોડા દીવસ તકલીફ નહી પડે, પરંતુ જો આ સંકલન જરૂરી આગોતરી રીતે કરવાની જરૂર હતી તે નહી કરાયુ હોય તો પીવાના પાણીની કિલ્લત સર્જાશે તેવી ભીતી જાણકારો દ્વારા દર્શાવાઈ રહી છે.

## રાજ્યના ૪ સનદી અધિકારીઓને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો

ગાંધીનગર: રાજ્ય સરકારે રાજ્યના ચાર સનદી અધિકારીઓને વધારાનો ચાર્જ સોંપતા હુકમો કર્યા છે.વલસાડ ડીડીઓ તરીકે ફરજ બજાવતા અતિરાગ ચાપલોટને વલસાડ કલેકટર તરીકે વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જ્યારે ભાવનગર ડીડીઓ તરીકે ફરજ બજાવતા હનુલ ચૌધરીની બદલી કરીને તેમને ભાવનગર મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે. આ ઉપરાંત ભાવનગર મ્યુનિસિપલટી ના રિઝ્યુનલ કમિશનર તરીકે ફરજ બજાવતા ડી.એમ. સોલંકીને તેમને ભાવનગર કલેકટર તરીકેનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના નાયબ મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવતા કે. પી. જોશીને વડોદરા મ્યુનિસિપલટીના રિઝ્યુનલ કમિશનર તરીકે વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.



**શ્રી ચાપલોટ કચ્છમાં ભુજ પ્રાંત પદે તાજા ભુતકાળમાં જ બજાવી છે યશસ્વી સેવા**

**વલસાડ ડીડીઓ તરીકે ફરજ બજાવતા અતિરાગ ચાપલોટને વલસાડ કલેકટર તરીકે વધારાનો ચાર્જ સોંપાયો**

## હવે આવતીકાલે ૧૨ વાગ્યે સંસદમાં રજુ થશે વકફ સંશોધન બીલ

**આજે રજુ થનાર બીલ રહ્યુ મોકુફ : વિપક્ષ દ્વારા ચર્ચાની કરાઈ ઉગ્ર માંગ**

નવી દીલ્હી : દેશની સંસદમાં આજ રોજ વકફ શંસોધન બીલ રજુ કરવામા આવશે તેવી ધારણાઓ દર્શાવવામા આવી હતી. પરંતુ લોકસભામાં વીપક્ષ દ્વારા આ બીલ પર બાર કલાક ચર્ચા કરવાની માંગ કરી છે જેને માન્ય રખાઈ છે અને આવતીકાલે બપોરે બાર કલાકે સંસદમાં વકફ સંશોધન બીલ રજુ કરવામા આવશે.

## ફેબ્રુઆરી - માર્ચ મહિનામાં શ્રેણીબદ્ધ આગના બનાવો શંકાસ્પદ

ભુજ : વિતેલા બે મહિના દરમ્યાન કચ્છ જિલ્લામાં આગના નાના મોટા અનેક શ્રેણીબદ્ધ બનાવો બન્યા છે. ખાસ કરીને કોઈપણ નાણાકીય વર્ષ પુરૂં થવામાં હોય ત્યારે જ આગના બનાવોમાં ભારે ઉછાળો જોવા મળે છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં વર્ષના અન્ય દસ મહિનાઓની સરખામણીએ આગના બનાવો વધુ બનતા હોય છે, જે શંકા ઉપજાવે છે. જિલ્લાના જાગૃત નાગરીકોના જણાવ્યા અનુસાર ઉનાળાની સીઝનમાં વધુ પડતી ગરમીના કારણે શોર્ટ સર્કીટ આગ લાગવાનું એક કારણ જરૂર હોઈ શકે પરંતુ દરેક આગના બનાવ શોર્ટ સર્કીટના કારણે બનતા નથી. કેટલાક કિસ્સાઓમાં આગ લાગવાનું કારણ આકસ્મિક નહીં પણ માનવ સર્જીત કે માનવીય ભુલ પણ હોઈ શકે છે ત્યારે દર વર્ષે ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં બનતા આગના કિસ્સાઓમાં તેના કારણોની યોગ્ય તપાસ થવી જોઈએ તેવી માંગ જાગૃત નાગરીકો કરી રહ્યા છે.

# મુંદરા તાલુકામાં ઈદ ઉલ ફિત્રની ઉજવણી


સાડાઉ




મુંદરા




ભદ્રેશ્વર



મુંદરા : રમજાન મહિનાના ૩૦ દિવસ મુસ્લિમ બિરાદરોએ રોઝા રાખી અલ્લાહની બદગી કરી રમજાન ઈદની ઉજવણી કરી હતી. ધ્રબ ગામના તુર્ક શાહી મસ્જિદમાં મૌલાના અલીમામદ મુફ્તી દ્વારા નમાજ અદા કરી હતી, જેમાં તેઓએ ભાઈચારા સાથે દેશની કોમી એકતા હંમેશા બની રહે સાથે દેશની પ્રગતિ થાય અને ઈન્સાનિયત દરેક માનવમાં રહે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે સરપંચ અસલમભાઈ તુર્ક, પૂર્વ સરપંચ એધ્રમાનભાઈ તુર્ક, પૂર્વ તાલુકા પંચાયતના સભ્ય મજીદ તુર્ક, મીઠાણી પરિવારના સદામભાઈ, સતારભાઈ મીઠાણી, રફીકભાઈ તુર્ક હર હંમેશા કોઈ પણ પ્રસંગ હોય કોઈ પણ જ્ઞાતિનો હોય તેને પાણી ફ્રીમાં આપતા 'યશ' એન્ટરપ્રાઈઝના સુલતાનભાઈ તુર્ક, અનિશ તુર્ક, લતીફ તુર્ક, એડ. ઈસ્માઈલ તુર્ક, રસીદ તુર્ક વગેરે ઈદની એકબીજાને મુબારકી આપી હતી. બાળકો પણ એકબીજાને ગળે લગાવી ઈદની મુબારકી આપી હતી.

ઈદની નમાજ મૌલાના સૈયદ હાજી મામદશા અદા કરાવી હતી. સાડાઉ મધ્યે સાંધ સુન્ની મુસ્લિમ ભાઈઓ, વડિલો ઈદની મુબારકી આપી હતી, જેમાં ગુજરાત પ્રદેશ માનવ અધિકાર સંગઠનના પ્રમુખ અજીજભાઈ સાંધ તથા અગ્રણીઓએ એકબીજાને ઈદની મુબારકી સાથે ગળે મળ્યા હતા. દેશમાં અમન શાંતિ ભાઈચારો રહે દેશ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે હાલેપોત્રા ઈસ્માઈલ આમદ, ખલીફા અબ્દુલ, અલ્લારખીયા, ગુલામ હાજી આદમ, મજીદ સાધં વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભદ્રેશ્વર મધ્યે પૈશઈમામ મદિના મસ્જિદ મધ્યે મૌલાના ઈબ્રાહીમ લોહાર દ્વારા નમાજ અદા કરી હતી અને દેશમાં ભાઈચારોનો સંદેશ પાઠવ્યો હતો. આ પ્રસંગે પૂર્વ સરપંચ ઉમર કુંભાર, અ.ક. માછીમાર એસો.ના પ્રમુખ જકરિયાભાઈ, સુલેમાન માણેક તથા વડિલો, યુવાનો, બાળકો ઈદની નમાજ અદા કરી હતી. જેમાં હિન્દુ ભાઈઓએ મુસ્લિમ ભાઈઓને ઈદની શુભેચ્છા આપી હતી. મુંદરા, મોટી ભુજપુર, લુણી, ખાખર તેમજ અન્ય ગામોમાં ઈદની નમાજ અદા કરાઈ હતી.

# પોલીસના ડરથી દુધઈમાં હાઈવે રોડ પર આરોપીએ કરેલું દબાણ પોતે જ તોડી પડાયું

**આરોપી અલ્લારખા સમા સામે લૂંટ, બળાત્કાર, મારામારી સહિતના ગુના નોંધાયેલા છે : અગાઉ પોલીસે વીજ કનેકશન કપાવ્યું હતું**





ગાંધીધામ : પૂર્વ કચ્છમાં અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી ચાલુ રહી છે. અગાઉ પોલીસે આરોપીઓના ગેરકાયદે વીજ જોડાણ કપાવ્યા બાદ અંજાર, ગાંધીધામ, વાગડ સહિતના વિસ્તારમાં ગેરકાયદે રીતે હાઈવે રોડ પર ઊભા કરવામાં આવેલા દબાણો તોડી પાડ્યા છે. આ કાર્યવાહી હજુ પણ ચાલુ રહી છે. અંજાર તાલુકાના જુની દુધઈ ગામે આવેલા મફતપરા વિસ્તારમાં રહેતા અલ્લારખા કાસમ સમા સામે મારામારી, લૂંટ, બળાત્કાર સહિતના ગુનો નોંધાયેલા છે. અગાઉ પોલીસે તેના ઘરે તપાસ કરી ગેરકાયદે વીજ જોડાણ કપાવ્યું હતું જે બાદ હવે તેણે કરેલું દબાણ તોડાવ્યું છે. ભુજ-ભચાઉ હાઈવે રોડ પર જુની દુધઈ ગામે સરકારી દવાખાનાની બાજુમાં આવેલ સરકારી જમીન પર આરોપીએ ભેંસોનો તબેલો બનાવી સરકારી જમીનમાં ગેરકાયદે કબજો કર્યો હતો. જેથી સ્વૈચ્છાએ દબાણ તોડવા માટે સૂચના આપવામાં આવી હતી અન્યથા દાદાનું બુલડોઝર ફરી વળે તેમ હતું ત્યારે આરોપીએ સ્વૈચ્છાએ પોતાનું બાંધકામ તોડી કબજો ખાલી કર્યો છે. આમ, પૂર્વ કચ્છમાં પોલીસની ધાક બેસાડતી કાર્યવાહીથી વધુ એક સરકારી જમીન દબાણ મુક્ત બનાવાઈ છે.

# ડીપીએ-કંડલા પ્રશાસન ચેતે : પોર્ટ એરીયામાં અકસ્માતોની વધે છે વણજાર : સુરક્ષા-સલામતીની લાલીયાવાડી..!

**પોર્ટમાં તરતી જેટી તુટી જવી, લોડીગ-અનેલોડીંગ વખતે ક્રેઈનમાં આગ, પ્રોજેક્ટ કાર્ગોના સંચાલન વખતે અકસ્માતો બાદ હવે જેવી પર લાંગરેલા જહાજના બંધીયા તુટી જવાની બની છે ઘટના : ડોક સેફટી, પોર્ટ એરીયા સિકયુરીટીના લાપરવાહોના કેમ નથી લેવાતા કડક રાહે ઉધડા : મરીન મર્કેન્ટાઈલ-ટ્રાફિક વિભાગ કેમ મુંગુમંતર?**

**કંડલા બંદરે આવતા મહાકાય જહાજ-વેશલ્સના જ રસ્સા-દોરડા અને સાંકળો ખુબજ ખખડધજ હોય છે, હકીકતમાં સેફટીની જવાબદારી જેમની હોય છે પોર્ટ-ડોક એરીયમાં તેઓએ વેશલ્સની બાજુ પણ આ સુરક્ષા સલામતી વ્યવસ્થાઓની ચકાસણીઓ કરવી ઘટે**

ગાંધીધામ : દેશના મહાબંદર પૈકીના એક એવા દીન દયાલ પોર્ટ કંડલામાં એકતરફ પ્રશાસનીક કક્ષાએ જોરદાર સુધારાત્મક કાર્યવાહી થવા પામી રહી છે ત્યારે બીજીતરફ પોર્ટ-બંદર એરીયામાં જાણે કે સુરક્ષા-સલામતીની ઐસીતૈસી જ કરવામાં આવતી હોય તેવી ઘટનાઓ પુનરાવર્તિત રીતે જ બનવા પામી રહી હોવાનો સીલસિલો વણથંભ્યો જ રહ્યો છે. તાજેતરમા જ અહી તરતી જેટી તુટી પડી હતી, લોડીગ અનલોડીગ વખતે ક્રેઈનમાં આગ બાદ હવે જેટી નંબર ૧૫ ઉપર લાંગરેલા જહાજના કોસ્ટલ બંધીયા રસ્સા તુવા લાગતા જહાજ તરતું દરીયામાં પરત ગયુ હોવાનો બનાવ બનવા પામ્યો છે.

જાણકારોમાથી મળતી માહીતી અનુસાર કંડલામાં જેટી નંબર ૧૫ ઉપર એક વિદેશી જહાજ આવીને ઉભુ રહ્યુ અને આ જહાજમાથી માલ લોડીગ અનલોડીગ કરવા માટે અને તે જેટી પર સ્થિત રહે તે માટે તેમાં બંધીયાઓ બાંધવામા આવ્યા હતા. પરંતુ આ બંધીયા તુટવા લાગ્યા હતા. રસ્સા તુટવાની સાથે ત્યા કામગીરી કરવા એલા કામદરોમાં પણ ઉહાપોહ સર્જાયો હતો. આવી સ્થિતીએ અહી સુરક્ષા સલામતીને લઈને વધુ એક વખત સવાલો ખડા થવા પામી રહ્યા છે. પોર્ટના સાધનો કહી રહ્યા છે કે વધુ ભરતી અને ભારે પ્રવાહના કારણે મુરીંગ દોરડુ તુટી ગયુ હતુ. તેને તાત્કાલીક રીતે કાબુમાં લેવામા આવ્યુ હતુ. જહાજને પુનઃ લાંગરી લેવાયુ હોવાનો દાવો કરવામા આવી રહ્યો છે. પરંતુ આ રીતે મુરીગ તુટી પડવા અને એન્જીન બંધ હોવા ઉપરાંત પણ જહાજ દરીયામાં પરત તરતું જાય તે કેટલી જોખમી ઘટના છે? શા માટે આ મુરીગ તુટયા? ભરતી આવે કે વધુ પાણીના પ્રેસરમાં આવા મુરીંગ તુટી જાય તે વાત માની લેવાને કોઈ કારણ નથી? આ અંગે ટ્રાફિક વીભાગ, મરીન મર્કેન્ટાઈલ વિભાગ સહિતનાઓના કડક પુછાણા લેવા જ ઘટે.

# દિવ્યાંગ દિકરી પગેથી પરીક્ષા આપીને અન્ય વિદ્યાર્થીઓ માટે બની પ્રેરણારૂપ



ભુજ : ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી દ્વારા કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધે તે માટે ખાસ પ્રયત્ન કરાયો છે. છેવાડાના વિસ્તારોના યુવક - યુવતીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા સ્થાનિક વિસ્તારોમાં જ તક મળી રહે એ હેતુથી એક્સટેન્શન સેન્ટર તરીકે નવતર પ્રયાસ શરૂ કર્યો છે. યુનિવર્સિટીના આ એક્સટેન્શન સેન્ટરમાં બીએનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. સેન્ટરોમાં એવા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે કે, જેમને અપડાઉન કરવું શક્ય નથી અને ઘરની આર્થિક જવાબદારીઓ જેમના માથે છે, તેમજ સામાજિક બંધનો જેમને નડી રહ્યા છે. આવા વિદ્યાર્થી ભાઈ - બહેનો આ સેન્ટરોમાં અભ્યાસ કરી પોતાનું ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કરી રહ્યા છે.

યુનિવર્સિટીના એક્સટેન્શન સેન્ટરો પૈકી ખાવડા ખાતે ચાલી રહેલા એકસટેન્શન સેન્ટરમાં કુરન ખાતેથી સાકુબા રવાજી સોઢા નામની દીકરી ખાવડા ખાતે અભ્યાસ અર્થે આવે છે. બંને હાથે દિવ્યાંગ છે અને તે હાથ વડે લખી શકતી નથી. યુનિવર્સિટીની એક્સ્ટર્નલ પરીક્ષા ચાલી રહી છે. ત્યારે સાકુબા પોતાના પગ વડે પરીક્ષાના પેપરો લખી રહી છે. દીકરીની ઉચ્ચ શિક્ષણ મેળવવાની ઝંખના છે. સાકુબાના પિતા રવાજી સોઢા ખેતી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. આજકાલ શારીરિક રીતે સ્વસ્થ યુવક યુવતીઓ પરીક્ષા સમયે ટેન્શન લઈ લેતા હોય છે અને પરીક્ષા સમયે બીમાર પણ પડતા હોય છે. તો આ દિવ્યાંગ દિકરી સાકુબા સોઢા પોતાના પગથી પેપર લખીને મહેનત કરીને જીવનમાં આગળ વધી રહી છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂ પાડી રહી છે.

કુલપતિ ડૉ. મોહન પટેલે જણાવ્યું હતું કે, કચ્છના અનેક ગામડાઓમાં કે જ્યાં આજે પણ ઉચ્ચ શિક્ષકની વ્યવસ્થા નથી. ત્યાં યુનિવર્સિટી દ્વારા આડેસર, ધોળાવીરા, ખાવડા, પાનધ્રો અને ગઢશીશા ખાતે એક્સટેન્શન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.

# નખત્રાણામાં સમસ્ત હિંદુ સમાજ દ્વારા રામનવમીની ઉજવણી કરાશે



**સાંઈ જલારામ મંદિર મધ્ય રામ નવમીની ઉજવણી અંગે સમસ્ત હિન્દુ સમાજ તથા હિન્દુ યુવા સંગઠન દ્વારા બેઠકનું આયોજન કરાયું**

નખત્રાણા : સાઈ જલારામ મંદિર મધ્ય સમસ્ત હિંદુ સમાજ તેમજ હિન્દુ યુવા સંગઠનના આગેવાનો અને કાર્યકરો સાથે બેઠકનું આયોજન કરાયું હતું. ૬ એપ્રિલના રામનવમી નિમિત્તે બજરંગ ગ્રાઉન્ડથી નવાવાસ મુખ્ય બજાર તેમજ રામાણી ગ્રાઉન્ડ સુધી ભવ્ય શોભાયાત્રા રેલી સ્વરૂપે નીકળશે. સાંજે શ્રીરામ ભગવાનની આરતી કરવામાં આવશે, જેની તળામારમાં તૈયારી માટે સમસ્ત હિન્દુ સમાજ દ્વારા આગોતરી બેઠકનું આયોજન કરાયું હતું શ્રીરામ જન્મોત્સવ ઉજવવવા માટે સમસ્ત હિન્દુ સમાજના આગેવાનો તથા કાર્યકરો આ બેઠકમાં હાજર રહ્યા હતા. ઝવેરભાઈ કેસરાણી, પિયુષભાઈ રૈયાણી, લખનભાઈ રબારી, અરવિંદભાઈ ભાવાણી, અમિતભાઈ નાઈ, મમૂભાઈ રબારી, દીક્ષિતભાઈ, ચિંતન ભગત, લક્ષ્મણસિંહ સોઢા સહિતના સમસ્ત હિંદુ સમાજના આગેવાનો બેઠકમાં હાજર રહ્યા હતા.

# ભુજના મચ્છુનગરના રહેવાસીઓના મકાન ન હટાવવા કરાઈ માંગ



ભુજ : શહેરના કોલેજ રોડ પર જયનગરની બાજુમાં આવેલા મચ્છુનગર વિસ્તારમાં ૧૦૦ જેટલા પરિવારો છેલ્લા ૩૦થી વધુ વર્ષોથી વસવાટ કરી રહ્યા છે. આ વિસ્તારમાં મકાન ખાલી કરવાની નોટિસ સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતા લોકો ચિંતામાં મૂકાયા છે. શુક્રવારે મચ્છુનગર વિસ્તારના રહેવાસીઓએ જિલ્લા વહીવટી તંત્રને આવેદનપત્ર પાઠવી રહેણાંક માટેની વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી હટાવવાની પ્રક્રિયા હાથ ન ધરવા માંગ કરી હતી. મચ્છુનગર વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા પાઠવવામાં આવેલ આવેદનપત્રમાં જણાવાયું હતું કે, આ વિસ્તારમાં રહેતા ૧૦૦ જેટલા પરિવારોએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અરજી કરેલી છે જેની પ્રક્રિયા હાલે ચાલી રહી છે.

વર્ષ ૨૦૧૬ થી સ્થાનિકો આવાસ મેળવવા પ્રયાસો કરી રહ્યા છે. જ્યાં સુધી લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રહેણાક માટેની વ્યવસ્થા ન મળે ત્યાં સુધી હટાવવાની પ્રક્રિયા અટકાવવા માંગ કરી હતી. આ વેળાએ સ્થાનિક રહેવાસીઓ નારાણભાઈ, લખમશી લોંચા, વિજય સોનજી, વાલજી કાનજી, ગોવિંદભાઈ, દીપક ગોસ્વામી, કરસનભાઈ અરજણ ભરવાડ, હિંમત રાઠોડ, કે.બી.મક્વાણા, મોહન ચાવડા, પી.બી.ગુંસાઈ વગેરે હાજર રહ્યા હતા.

# પોલીસ-પ્રજા સમન્વય શૂટિંગ વોલીબોલ ટુર્નામેન્ટ સફળતાપૂર્વક સંપન્ન





ભુજ : શહેરના પોલીસ હેડક્વાર્ટર ખાતે કચ્છની ૧૨ ટીમોને સાંકળતી પોલીસ-પ્રજા સમન્વય શૂટિંગ વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ સ્પર્ધામાં પોલીસ હેડક્વાર્ટર ૧, પોલીસ હેડક્વાર્ટર ૨, શિક્ષક ટીમ, પાનધ્રો, ઘડુલીનો ફાઉલ, ડૉ. મગન પટેલ, ભારાસર, મરીન, જીઈબી સહિત કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટ પશ્ચિમ કચ્છ જીલ્લા પોલીસ વડા વિકાસ સુંડાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે વિશ્રામ ચૌધરી (પ્રમુખ, કચ્છ ચૌધરી સમાજ), બી.એમ. દેસાઈ (નિવૃત ડીવાયએસપી), આરપીઆઈ શ્રી રાતડા, શ્રી સરવૈયા, શ્રી જાડેજા, બીડીડીએસ પીએસઆઈ શ્રી કાગ ઉપસ્થિત રહ્યા હતા અને સ્પર્ધાના ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. એસપી વિકાસ સુંડાએ ટુર્નામેન્ટના આયોજન માટે પ્રશંસા વ્યક્ત કરી હતી અને આગામી સમયમાં પાસિંગ વૉલીબૉલ માટે પણ ઉત્તમ મેદાનના નિર્માણની જાહેરાત કરી હતી. તેમણે પોતાની રમત પ્રત્યેની લાગણી વ્યક્ત કરતાં પોતે બાસ્કેટબોલ ખેલાડી તરીકેની યાદો પણ તાજી કરી હતી. તેમજ પોલીસ પ્રજા વચ્ચે આવી જ ખેલદિલી મિત્રતા બની રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી

આ ટુર્નામેન્ટમાં 'નો ફાઉલ' ટીમ વિજેતા બની હતી, જ્યારે 'પાનધ્રો' ઉપવિજેતાના ખિતાબે નવાજાઈ હતી. વિજેતા અને ઉપવિજેતાને પૃથ્વીરાજ ઝાલા (શિક્ષણ સેવા વર્ગ-૨), ડૉ. વિષ્ણુભાઈ ચૌધરી (પ્રદેશ સદસ્ય, રમતગમત સેલ), નરેન્દ્રસિંહ ઝાલા, રાજેશ પટેલ, રસીકભાઈ કથરોટિયા, મહેશ ત્રિવેદીના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી. સમગ્ર ટુર્નામેન્ટને અર્બુદા સિક્યુરિટી એજન્સી, ઓધવ એન્ટરપ્રાઈઝ લિમિટેડ ભુજ તથા વિશ્રામભાઈ ચૌધરી દ્વારા સૌજન્ય પ્રાપ્ત થયું હતું. આનંદ ચૌધરી (અર્બુદા હોટલ પેલેસ) તરફથી એલઈડી લાઈટનું પણ યોગદાન મળ્યું હતું.

આ આયોજનમાં એસ. કે. જાદવ, અજય બારોટ, રમેશ મકવાણા, કલ્પેશસિંહ જાડેજા, વિજય ચૌધરી, પંચાભાઈ ચૌધરી, માધુસિંહ સહિતના કાર્યકર્તાઓએ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## લખપતના સાન્ધ્રો ડેમમાં ડૂબી જવાથી કિશોરનું મોત

ભુજ : લખપત તાલુકાના સુભાષપરમાં આવેલા સાન્ધ્રો ડેમમાં ડૂબી જવાના કારણે કિશોરનું મોત થયું હતું. આ બાબતે મળતી વિગતો મુજબ દયાપરમાં રહેતા ૧૭ વર્ષિય નોમાન રફીકભાઈ લુહાર ડેમમાં ન્હાવા ગયા ત્યારે ડૂબી જવાના કારણે મોત થયું હતું. બનાવને પગલે ગામમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. નારાયણ સરોવર પોલીસે તપાસ હાથ ધરી છે.

# ભુજના ચકચારી હનીટ્રેપ પ્રકરણમાં વડોદરાથી કિડાણાના દંપતિની ધરપકડ

**અગાઉ ભુજના નગર સેવક સહિત ત્રણ જણની કરાઈ હતી અટકાયત : ગુનામાં મુખ્ય સૂત્રધાર મહિલા પણ પકડાઈ**



ભુજ : શહેરના યુવાનને હનીટ્રેપની જાળમાં ફસાવી ૨૨ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. જેમાં કોંગ્રેસના નગરસેવક સહિત પાંચ લોકોની સંડોવણી ખુલી હતી. અગાઉ ત્રણ આરોપીને ઝડપી લીધા બાદ આ ગુના સંડોવાયેલ મહિલા અને તેના પતિની એલસીબી દ્વારા વડોદરાથી ધરપકડ કરાઈ છે.

આ બાબતે મળતી વિગતો મુજબ ગત તા. ૧૭-૧૧-૨૦૨૪ થી ૨-૨-૨૦૨૫ દરમ્યાન આ ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો. જેની શરૂઆત હિલગાર્ડનથી થઈ હતી. ભુજના ખાટકી ફળીયામાં રહેતા મહેબુબ શબ્બીર ખાટકીએ આ બાબતે ફરિયાદ નોંધાવી હતી. આદિપુરની મુસ્કાન નામની યુવતીએ મહેબુબ સાથે પરિચય કેળવી ભુજ આવી બન્ને જણા હિલગાર્ડન ફરવા માટે ગયા હતા, જયાંથી બહાર આવતી વખતે ધારાનગર કોડકી રોડમાં રહેતા અને કોંગ્રેસના નગરસેવક એવા અબ્દુલ હમીદ સમાએ બન્ને જણના ફોટા પાડી લીધા અને ભોગ બનનાર યુવકના જ કૌટુંબીક ભાઈ એવા આરોપી સરફરાઝ રઝાક ખાટકીએ ભેગા મળી યુવાનને બ્લેક મેઈલ કર્યો હતો. બાદમાં અંજારના મામદ નોડેને મુસ્કાનના પતિ તરીકે રજુ કરવામાં આવ્યો અને સમગ્ર મામલો પતાવવા ૧૯ લાખ રૂપિયા મેળવવામાં આવ્યા હતા. યુવાને મિલ્કતો વેચી ગીરવે લઈ રૂપિયા આપ્યા હતા. બાદમાં ફરી આરોપીઓએ ફરિયાદી વિરૂદ્ધ એ ડિવિઝનમાં અરજી કરી અને આ અરજીમાં સમાધાન કરવા પેટે પોલીસ તરીકેની ઓળખ આપનાર શખ્સે ત્રણ લાખ રૂપિયા મેળવ્યા હતા. કુલ્લ ૨૨ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા, આ બાબતે ભોગ બનનાર યુવકે તેના મિત્રને વાત કરતા તેણે હનીટ્રેપ થયાનું જણાવતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તરીકેની ખોટી ઓળખ આપનાર શખ્સ કોંગ્રેસ સાથે જોડાયેલો હરીસિંહ ધનુભા જાડેજા હોવાનું સામે આવ્યું હતું. આ ત્રણેય આરોપીઓની ધરપકડ કરાઈ હતી. એલસીબીએ આરોપીઓની તપાસ કરતા કિડાણાના જગદંબા સોસાયટીમાં રહેતા શહેનાઝ ઉર્ફે મુસ્કાન મહમદ નોડે અને તેના પતિ મહમદ ઉર્ફે મામદ ઈસ્માઈલ નોડે વડોદરામાં હોવાની બાતમીના આધારે ત્યાંથી પકડી આગળની કાર્યવાહી માટે એ-ડિવિઝન પોલીસને હવાલે કરવામાં આવ્યા છે.

# અંજાર નગરપાલિકા દ્વારા માર્ચ સુધીમાં ૭ કરોડની વસૂલાત કરાઈ



અંજાર : ૩૧મી માર્ચ નાણાંકીય વર્ષનો આખરી દિવસ સુધીમાં ૭ કરોડથી વધુની વસૂલાત કરવામાં આવી હતી. રજાના દિવસે અંજાર નગરપાલિકા કચેરી મધ્યે કચેરી સમય બાદ પણ વસુલાતની કામગીરી કરવામાં આવી હતી. જેમાં નગરપાલિકાને રૂા.૬,૪૨,૦૦૦ની આવક થઈ હતી. પાલિકાની કુલ રૂપિયા ૭,૦૦,૮૯,૫૮૩ની વસુલાત થયેલ હતી.

ચીફ ઓફીસર પારસકુમાર એચ. મકવાણાની સુચનાથી કચેરી અધિક્ષક ખીમજીભાઈ પાલુભાઈ સિંઘવની દેખરેખ હેઠળ ટેક્ષ ઈન્સ્પેકટર પ્રકાશભાઈ દેવેનભાઈ રોશીયા, એકાઉન્ટન્ટ નરશીભાઈ દાવા, ટેક્ષ શાખાના કર્મચારીઓ ચૈતાલીબેન રાઠોડ, વિપુલભાઈ ઓઝા, મયુરધ્વજસિંહ જાડેજા, કિંજલબેન ભરતભાઈ શાહ, ખેરાજભાઈ રાયશીભાઈ બુચિયા, ભરતભાઈ રાણા, જયેશભાઈ આર. ઘાવરી, હરજીભાઈ મહેશ્વરી, મયુરભાઈ હેરમા, ધવલભાઈ થરાદરા વિગેરે કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. પાલિકાના અધિકારી-કર્મચારીઓની ઉત્કૃષ્ટ કામગીરી માટે નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ દીપકભાઈ કોડરાણી, ચીફ ઓફિસર પારસકુમાર મકવાણા, ઉપપ્રમુખ શિલ્પાબેન બુધ્ધભટ્ટી, કારોબારી ચેરમેન પાર્થભાઈ સોરઠીયા, શાસક પક્ષના નેતા નિલેશગિરિ ગૌસ્વામી, દંડક કલ્પનાબેન ગોરએ અધિકારી - કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીધામ અને સુખપરમાં યુવાનનો આપઘાત

ગાંધીધામ : જિલ્લામાં આપઘાતની વધતી ઘટનાઓ વચ્ચે વધુ બે યુવાનોએ ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી હોવાના બનાવ સામે આવ્યા છે. આ બાબતે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો હાઉસિંગ બોર્ડમાં રહેતા ૩૭ વર્ષિય ધનજીભાઈ ભચુભાઈ ધુઆએ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરે પાઈપમાં દુપટ્ટો બાંધીને જીવાદોરી ટુંકાવી લેતા બી-ડિવિઝન પોલીસે એડી દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. દરમિયાન જી.કે. જનરલ હોસ્પિટલમાંથી મળતી વિગતો મુજબ સુખપર ગામે રહેતા ૨૨ વર્ષિય સમીર ઓસમાણ નોતિયારે ગઈકાલે રાત્રે રિલાયન્સ પંપની સામે પાર્કિંગમાં રાખેલા ટેમ્પાની અંદર એંગલમાં દોરડું બાંધીને ફાંસો ખાઈ લેતા પરિવારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. પોલીસે આગળની તપાસ હથ ધરી છે.

**થેલી ખોવાયેલ છે**

ભારતનગર થી સીતારામ પરિવાર ઓસ્લો સુધીમાં થેલી પડી ગયેલ છે જેમાં અગત્યના ડોક્યુમેન્ટ બેંકની ચેકબુક, પાસબુક અને ઓરીજનલ ફાઈલ તા. ૩૧/૦૩/૨૦૨૫ ના ખોવાયેલ છે. જે કોઈ ને મળે તો સીતારામ પરિવાર પ્રભુ પ્રસાદ કેન્દ્રની ઓફિસ માં જાણ કરવા વિનંતી

સંપર્ક
મોહનભાઈ ધારશીભાઈ ઠક્કર
Mo. 94264 94603
પ્રકાશભાઈ રાઠી
Mo. 82006 74409

## અંજારના બગીચામાં ફરવા આવેલી બાળકી ખોવાઈ જતા પોલીસે શોધી આપી



અંજાર : ઈદના તહેવાર નિમિત્તે બગીચામાં ફરવા માટે આવેલી પાંચ વર્ષની બાળકી માતા-પિતાના હાથમાંથી છુટી જતા દેવળિયાનાકા પાસે પહોંચી આવી હતી. આ દરમિયાન અંજાર પોલીસ પેટ્રોલિંગમાં હોવાથી પાંચ વર્ષિય બાળકીનું નામ પુછતા શિરિન નામ જણાવ્યું હતું અને તે ભુલી પડી ગઈ હોવાનું જણાઈ આવતા પોલીસે તેના પિતા કરીમભાઈ શેખને શોધી કબજો અપાવ્યો હતો.

# તુણા બંદરના માછીમારોની સમસ્યા ઉકેલવા માંગ



અંજાર : તુણા બંદરના માછીમારો આઝાદી પહેલાથી અહીના બંદર પર માછલી પકડી ગુજરાન ચલાવી રહ્યા છે. અમુક માછીમારોના તંત્ર દ્વારા ટોકન રદ કરી સ્થળાતર કરવા મજબૂર કરવામાં પણ આવી રહ્યા છે. માછીમારોએ આ સમસ્યાના ઉકેલ માટે લખન ધુવાની મદદ માગી હતી, ત્યારે બહુજન આર્મીના લખન ધુવા, મીડિયા કનવિનર માવજી હિંગણા તેમજ ટીમ સાથે સ્થળ પર જઈ માછીમારોને ન્યાય અપાવવા સરકાર અને જન પ્રતિનિધીઓને માછીમારોની સમસ્યાઓનો ઉકેલ લાવવા માંગ કરી હતી. જો માછીમારોની સમસ્યાઓનો ઉકેલ નહી આવે તો માછીમારો સાથે રહી આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

## સચિવાલયમાં કચ્છનો અવાજ પુનઃ બનશે બુલંદ

# ગુજરાતના મંત્રીમંડળમાં કચ્છને સ્થાન : કેશુભાઈ પટેલની એન્ટ્રી



**લાંબા સમયથી રાજયના મંત્રીમંડળ વિસ્તરની ચાલતી અટકળોનો અંત : કચ્છના સિનીયર મોસ્ટ-અભ્યાસુ, પ્રજાવત્સલની છબી ધરાવનારા, બે ટર્મ સુધી જિલ્લા ભાજપની યશસ્વી સુકાન સંભાળનારા ખેડુ-પાટીદાર પુત્ર કેશુભાઈ પટેલને કૃષી-પશુપાલન અથવા જળસંપત્તી ખાતામાં સેવા મળવાની ઉજળી થઈ સંભાવનાઓ - કેશુભાઈને ફોનથી જાણ કરી દેવાઈ : જિલ્લાના કેસરીયા બ્રિગેડમાં ખુશીની લહેર : આરએસએસના સિદ્ધાંતોને અક્ષર:સ વરેલા નખશીખ પ્રમાણિક કેશુભાઈ પર ઠેરઠેરથી થતી અભિનંદન વર્ષા**

**૮-૯ એપ્રીલે મંત્રીમંડળની સત્તાવાર જાહેરાત : મોદી-શાહ એક કાંકરે અનેક પક્ષી મારવાનમાં હોશિયાર હોવાનો વધુ એક વખત દેખાશે ચમત્કાર : ૮-૯ એપ્રીલના કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન-ગુજરાતમાં છે, રાહુલ ગાંધી સહિતનાઓનો પ્રભાવ ફીક્કો પાડવા આઠ-નવમીએ જ ગુજરાત સચિવાલયમાં ગોઠવાશે મંત્રીમંડળ વિસ્તરણની શપથીવીધી : માધ્મયો અને સમાચારોમાં રાહુલ-કોંગ્રેસ અધિવેશનના બદલે મંત્રીમંડળ વિસ્તરણ જ છવાયેલુ રહેવાની ઘડાશે નીતી : જયારે રાહુલ ગાંધી ગુજરાતમાં હશે ત્યારે કોંગ્રેસ છોડી ભાજપમાં આવેલા મોટા નેતા અર્જુન મોઢવાડીયા, સી જે ચાવડા રાજભવન ખાતે મંત્રીપદના શપથ ગ્રહણ કરતા હશે**

ગાંધીધામ : ભારતીય જનતા પાર્ટી કેન્દ્રીય કક્ષાએ સંગઠન ફેરફારો-રાષ્ટ્રીય અધ્યક્ષની નીમણુકની કશમકશનો અંત લાવી રહી છે. ખુદ દેશના યશસ્વી વડાપ્રધાન સંઘની મુલાકાત લઈ ચૂકયા છે અને તેઓની આ મુલાકાત બાદ ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ હોવાની વાત સામે આવવા પામી રહી છે. કહેવાય છે કે, કોઈ પણ સમયે રાષ્ટ્રીય પ્રમુખનુ નામ નકકી કરી લેવાશે અને તે પહેલા દેશના આઠ રાજયો જેમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે તેમને પણ અધ્યક્ષ મળી જવા પામશે. ગુજરાતને પ્રદેશ પ્રમુખની સાથોસાથ રાજયના મંત્રીમંડળના વિસ્તરણની પણ કેટલાક સમયથી ચાલી આવતી અટકળોનો પણ હવે અંત આવી ગયો હોય તેમ તેની પણ બ્લુપ્રીન્ટ તૈયાર કરી લેવામા આવી છે અને તેમાં કોને કોને પડતા મુકી શકાય છે અને કયા નવા મંત્રીઓનો સમાવેશ કરવામા આવી રહ્યો છે તે નામો નકકી કરી દેવાયા છે અને જે નામો નકકી કરાયા છે તેમને સંગઠન કક્ષાએથી ફોન પણ કરી દેવાયા છે. હર્ષ અને ખુશીની વાત આજ રોજ અહી એ સામે આવી રહી છે કે, રાજયના મંત્રીમંડળમાં નરેન્દ્રભાઈ મોદીના લાડકવાયા જિલ્લા કચ્છને પુન:સ્થાન મળી જવા પામ્યું છે. ભુજના ધારાસભ્યે શુભાઈ પટેલની એન્ટ્રી તેમાં નિંશ્ચિત કરી લેવામાં આવી છે. આ અંગે રાજકીય તજજ્ઞોની વાત કરીએ તો આગામી ૧૮મી એપ્રીલ પહેલા રાષ્ટ્રીય અધ્યક્ષનું નામ જાહેર કરવાનુ છે, નામ લગભગ નકકી થઈ ગયુ છે અને તેનાથી પહેલા ગુજરાત પ્રદેશ અધ્યક્ષનું નામ જાહેર કરાશે. તા.૯/૧૦ એપ્રીલના રોજ દિલ્હીમાં જે પી નડ્ડાની અધ્યક્ષતામાં એક મોટી બેઠક યોજાઈ રહી છે જે બેઠક નડ્ડાની અધ્યક્ષ પદે છેલ્લી બેઠક બની રહેશે.

આ પહેલા ગુજરાત સહિત આઠ રાજયોને પ્રદેશ અધ્યક્ષ આપવાની પણ ગોઠવણો કરી લેવામા આવી છે. જાણકારો કહી રહયા છે કે, પ્રદેશ અધ્યક્ષ સાથે ગુજરાતમાં મંત્રીમંડળ વીસ્તરણનો પણ તખ્તો ઘડી લેવાયો છે. આગામી આઠમી અને નવમી એપ્રીલના ગુજરાતમાં એકતરફ કોંગ્રેસનું અધિવેશન, રાહુલ ગાંધીની હાજરી રહેશે, તેને ફીક્કો પાડવાને માટે ભાજપ એ જ દીવસોમાં મંત્રીમંડળ વિસ્તરણ યોજશે તેવુ પણ નકકી કરી લેવાયુ હોવાનુ મનાય છે. મંત્રીમંડળમાં સી જે ચાવડા, અર્જુન મોઢીવાડીયા જેવા નામો પણ નીશ્ચિત કરી લેવાયા છે અને આ બાબતે કચ્છને માટે ગૌરવ અને હર્ષની વાત એ સામે આવી છે કે, તેમાં કેશુભાઈ પટેલનું નામ પણ લોક કરી દેવાયું છે. સૌનો સાથ સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસની નરેન્દ્રભાઈના સુત્રની ઉકિતને ભુજ મતવિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલે તેમની સુદીર્ઘ જાહેરજીવનની કારકીર્દીમાં અનુસરી ચૂકયા છે. પાટીદાર-ખેડુત પુત્ર કેશુભાઈ પટેલની સાદગી સભર જીવન શૈલી તેઓની લોકપ્રિયતામાં ઓર વધારો કરતી રહી છે. પક્ષ દ્વારા તેમને જે પદો પર સેવા કરવાની તક આપી છે તે કેશુભાઈએ બખુબી યર્થાથ કરી દેખાડી છે. કેશુભાઈ પટેલ ભાજપના સંગઠનમાં લાંબા સમયથી સેવારત રહેલા છે. તેઓ કચ્છમાં જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન પદેથી લઈ અને જિલ્લા ભાજપના બે ટર્મ સુધીના યશસ્વી અધ્યક્ષ પદે પણ લોકપ્રીયતા પામતી સેવા પક્ષની કરી ચુકયા છે. તેમના સમયકાળમાં કચ્છમાં ભાજપનું સંગઠન વધુને વધુ મજબુત થવા પામ્યું છે. કેશુભાઈ પટેલની ધારાસભ્ય તરીકેની પણ એક આગવી ઓળખ રહેલી છે. તેઓએ ભુજના ધારાસભ્ય તરીકે એક અમીટ છબી ઉભી કરી છે. કેશુભાઈ પટેલ પ્રજા હિતાર્થે અને સરકારની છબી વધારે ઉજળી કરતી કામગીરીક કરવામાં સરકારી બાબુઓ અને અધિકારીઓને સ્થળ પર દોરી જઈ અને ત્યા જ ખખડાવતા પણ વાર નથી કરી એ પછી બ્રીજના કામો હોય કે રોડ રસ્તાના કે પછી નર્મદાજળના જ કામો કેમ ન હોય..! કેશુભાઈએ ભુજ મતવિસ્તારમાં તેમના કાર્યકાળમાં સીમાચિહ્નરૂપ કહી શકાય તેવા માળખાગત સુવિધાઓના કામો સરકાર તબક્કે મંજુર કરાવ્યા છે. મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ કેશુભાઈની કાર્યશૈલીથી પ્રભાવિત છે અને સંભવત કચ્છમાં કેશુભાઈની ધારદાર અભ્યાસપૂર્વકની પ્રજાહિતની રજુઆતોને સૌથી વધારે રોડ-રસ્તા સહિતના કામોને લઈને મંજુર કરવામાં આવી છે. આમ કેશુભાઈને રાજય સરકારના પ્રધાનમંડળના વિસ્તરણમાં સ્થાન મળ્યુ હોવાની વાતને કયાંયથી પણ નકારી શકાય તેમ નથી. તેઓ અત્યારના ભાજપના ધારાસભ્યશ્રીઓમાં સૌથી સિનિયર મોસ્ટ ધારાસભ્ય છે, જિલ્લા ભાજપના બે વખત પ્રમુખપદે રહેલા હોવાથી જિલ્લા વ્યાપી સમર્થન તેઓને મળે છે, તેઓ પાટીદાર સમુદાયમાથી આવી રહ્યા છે, ખુદ ખેડુપુત્ર હોવાથી ખેતી-કૃષી, પશુપાલન-જળસંચય-નર્મદા, સહિતના વિષયોનો ઉંડો અભ્યાસ ધરાવી રહ્યા છે. કચ્છમાં નર્મદાજળને લઈને નિર્ણાયક કામો થયા છે, હવે તેની અમલવારીને પાર પાડવા કેશુભાઈ જેવા અભ્યાસુ વ્યકિતની તાતી જરૂરીયાત રહેલી છે. તેઓ કચ્છમાં કે રાજયમાં અન્ય કોઈ જિલ્લાઓમાં પણ સ્થાનિક ગ્રાઉન્ડલેવલે સાચી હકીકતો જાણી, સ્થાનિક અધિકારીઓ પાસે જરૂરી દરખાસ્તો મુકાવી, સરકારતબક્કે પણ સાચુ સંકલન કરાવવામાં સક્ષમ છે તેમાં પણ કોઈ શંકાને સ્થાન રહેલુ નથી. આ અંગે જાણકારો-રાજકીય તજજ્ઞો કહી રહ્યા છે કે, હવે કોઈ પણ ઘડીએ રાજયને નવા પ્રદેશ પ્રમુખ મળવાની ઘડીઓ ઘણાઈ રહી છે, તેની સાથે જ રાજય સરકારના મંત્રીમંડળના ફેરફારોનીપણ ધોષણાઓ થઈ જશે, મંત્રીમંડળ વિસ્તરણની સાથે જ ફરીથી કચ્છને તેમાં સ્થાન મળવાનું નકકી થવા પામી ગયુ છે અને આજ રોજ એક(૧) એપ્રીલના દીવસે કેશુભાઈ પટેલને પ્રધાનમંડળમાં સમાવવાનો તખ્તો ઘડી લેવાયો હોવાની વાત સામે આવવા પામી રહી છે. આ નિયુકિતના અહેવાલો આજે વાયુવેગે ફરી વળતા કચ્છના કેસરીયા બ્રિગેડમાં ખુશીની લહેર ફરી વળી છે તેની સાથોસાથ જ ઠેરઠેરથી કેશુભાઈ પટેલ પર અભિનંદન વર્ષા થવા પામી રહી છે.

**ગત સપ્તાહે મુખ્યપ્રધાનશ્રી ભુપેન્દ્ર પટેલના ઘરે એક કલાક સુધી બંધબારણે કે.કૈલાશનાથની હજરીમાં યોજાયેલી બેઠકમાં મંત્રીમંડળ-સંગઠન ફેરફારોનો ઘડાયો હતો પ્રથમ પ્લાન : એપ્રીલના પ્રથમ પખવાડીયામાં રાષ્ટ્રીય પ્રમુખની વરણી કરવાની થતી હોવાથી તે પહેલા ગુજરાત સહિત ૮ રાજયોના પ્રમુખોની નિયુકિત ફરજીયાત કરવી પડે તેમ હોવાથી રાજયના નવા પ્રદેશ અધ્યક્ષ, મંત્રીમંડળ ફેરફારની બ્લુપ્રિન્ટ લોક કરી લેવાઈ, કોઈપણ ઘડીએ જાહેરાત**

## ભુજમાં પણ હોટલની આડમાં નશાકારક પદાર્થ વેચવાની પ્રવૃત્તિનો પર્દાફાશ કરાયો

**કોડકી રોડ પરથી કોકેઈન સાથે પકડાયેલા બે ઈસમોની ઘનિષ્ઠ પુછપરછ હાથ ધરાઈ**

ભુજ : શહેરમાં કોડકી રોડ પર આવેલ ઓક્સવૂડ સોસાયટીમાં કારમાંથી ૪૧ લાખનું કોકેઈન અને બે ગ્રામ અફીણ કબજે કરવામાં આવ્યું હતું. આ સાથે બે યુવકતી ધરપકડ કરવામાં આવી હતી. જેના આધારે કરવામાં આવેલી તપાસમાં રોચક તથ્યો સામે આવ્યા છે. પોલીસે પકડેલ અને એરપોર્ટ રોડની જલારામ સોસાયટીમાં રહેતો ગુરુદેવસિંગ ઉર્ફે મનિન્દરસિંગ સતનામસિંગ કારૂ મિરજાપર અને એરપોર્ટ રોડ પર સાન એ પંજાબ હોટલ ચલાવે છે તે અને મયૂર સોની વચ્ચે દોઢેક વર્ષથી મિત્રતા હતા અને પૈસા કમાવવા માટે પંજાબના ફિરોજપુર જઈને કોકેઈન લઈને આવ્યા હતા અને માલ આપે તે પહેલાં પકડાઈ ગયા હતા. મયૂર હેન્ડિક્રાફટનું કામ કરે છે અને ગુરુદેવની મિત્રતામાં આવી તેની સાથે જઈ કોકેઈન લઈને આવ્યો હતો. માલ વેચીને કમાય તે પહેલાં પોલીસને ઝપટે ચડી ગયા હતા. કચ્છમાં હાઈવે હોટલો પર અવાર-નવાર ભોજની આડમાં ડ્રગ્સ અને દારૂનું વેચાણ થતું હોવાની ફરિયાદો સામે આવતી હોય છે તેવામાં હવે ભુજની હોટલોમાં પણ આ પ્રમાણેની પ્રવૃત્તિ સામે આવી છે. પોલીસ દ્વારા હોટલનું પરવાનું રદ કરાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આરોપીઓએ પુછપરછમાં પ્રથમ વખત ખેપ કરી હોવાનો દાવો કર્યો છે પરંતુ ત્રણ દિવસના રિમાન્ડ દરમિયાન પુછપરછ હાથ ધરવામાં આવી છે. આ સાથે એક ટીમને પંજાબ રવાના કરી ત્યાંથી માલ આપનારની પણ ધરપકડ કરવામાં આવશે.

## કચ્છમાં આરટીઈ એક્ટ હેઠળ ૩૭૧૮ છાત્રોને અપાયો પ્રવેશ

**ઓનલાઈન અરજી કરવાની મુદત ૧૫ મી એપ્રિલ સુધી લંબાવાઈ : જિલ્લામાં થયેલ ૫૧૯૪ પૈકી ૪૨૯ અરજીઓ થઈ રદ**

ભુજ : કચ્છ સહિત રાજયભરમાં વાર્ષિક રૂા.૬ લાખથી ઓછી આવક ધરાવતા કોઈપણ વર્ગના પરિવારના બાળકો નિ:શુલ્ક સ્વનિર્ભર શાળામાં અભ્યાસ કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી શાળાઓમાં ૨૫ ટકાની ક્ષમતા સુધી બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. આગામી શૈક્ષણિક વર્ષ માટે અત્યાર સુધી કચ્છ જિલ્લામાં ૩૭૧૮ બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ અપાયો છે.

આ અંગેની વિગત આપતા કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આ વર્ષે આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવા માટે વાર્ષિક આવકની મર્યાદા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વધારીને રૂા.૬ લાખ કરી છે. અત્યાર સુધી કચ્છ જિલ્લામાંથી કુલ ૫૧૯૪ વાલીઓએ પોતાના સંતાનોને નિ:શુલ્ક સ્વનિર્ભર શાળાઓમાં પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી છે. જેમાંથી ૩૭૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ૪૨૯ અરજીઓ જુદા જુદા કારણોસર રદ થઈ છે, જ્યારે ૧૯૦ અરજીઓ હાલે પેન્ડિંગ છે. શ્રી વાઘેલાએ કચ્છના વાલીઓને અપીલ કરતા જણાવ્યું હતું કે, જે વાલીઓ પોતાના સંતાનને સ્વનિર્ભર શાળામાં પ્રવેશ અપાવવા ઈચ્છતા હોય અને સરકારશ્રીના નિયમાનુસાર આર્થિક પાત્રતા ધરાવતા હોય તો ૧૫મી એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરી પોતાના સંતાનોને ખાનગી શાળામાં પ્રવેશ અપાવી શકશે. આ યોજનાનો મહત્તમ લાભ લેવા તેમણે અનુરોધ કર્યો હતો.

## યર ઓન યર ૧૩ ટકાના ગ્રોથ સાથે કંડલાએ નવો ઈતિહાસ રચ્યો

# ચેરમેન સુશીલકુમારની ટીમને શાબાશ છે..! : ડીપીએ-કંડલાએ ૧૫૦ મેટ્રીક ટન કાર્ગો હેન્ડલીંગનો સિદ્ધ કર્યો કિર્તીમાન

### દેશના તમામ મેજર પોર્ટમાં ડીપીએ-કંડલા સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારૂ નંબર વન પોર્ટ બન્યું

**વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાનનો ઐતિહાસીક કાર્ગો હેન્ડલીંગ કર્યુ : પોર્ટના તમામ યુજર્સ, સ્ટેકહોલ્ડર, વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ, સંગઠનો અને પીપીપી ઓપરેટર્સ સહિતનાઓને ચેરમેનશ્રીએ આ સીદ્ધીના ગણાવ્યા યશોભાગી**






ગાંધીધામ : દેશના મહાબંદરો પૈકીના એક એવા દીનદયાલ પોર્ટ ટ્રસ્ટની કમાન જયારથી આઈઆરએસ સ્તરના અધિકારી શ્રી સુશીલકુમાર સીંગના હાથમાં ચેરમેન પદે આવવા પામી છે ત્યારથી આ બંદરનો વિકાસ તેજ ગતીએ સતત થવા પામી રહ્યો છે. શ્રી સુશીલકુમારની ટીમ સ્પીરીટ એટલે કે સંઘભાવના ભરી કાર્યશૈલીથી ડીપીએ-કંડલા બંદર નીતનવા વિક્રમ સ્થાપી રહ્યુ છે અને વિકાસના માર્ગે પુરપાટ ગતીએ આગળ ધપતુ હોવાનો વર્તારો જોવાઈ રહ્યો છે.

દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર ડીપીએ-કંડલા દ્વારા વધુ એક વખત કાર્ગો હેન્ડલીંગ ક્ષેત્રમાં ઈતિહાસ રચી દીધો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. આ મામલે સત્તાવાર રીતે પોર્ટ પ્રશાસનની યાદીમાં જણાવ્યા અનુસાર દીનદયાલ પૌર્ટ ઓથોરીટી કંડલા ૧૫૦ એમએમટી મેટ્રીક ટન કાર્ગો હેન્ડલીંગનો વર્ષ ૨૦૨-૨૫નો નવો વીક્રમ સ્થાપી દીધો છે અને કાર્ગો હેન્ડલીંગ ક્ષેત્રમાં ઈતિહાસ રચ્યો છે. નોધનીય છે કે, દેશના તમામ મેજર પોર્ટસમાં ડીપીએ કંડલા આ મુજબનો દેખાવ કરનારુ પ્રથમ બંદર બન્યુ છે. અત્યાર સુધીમાં કાર્ગો હેન્ડલીંગનો સર્વાધીક વોલ્યુમ હેન્ડલ કરવામાં આવ્યું છે. આ બદલ ડીપીએ ચેરમેન સુશીલકુમારસિંગની વિજનરી લીડરશીપ, આગવી કોઠાસુઝ, કર્મશીલ છબીને સૌ કોઈ યશોભાગી માની રહ્યા છે. અને આ મુજબની સિદ્ધી મેળવવા બદલ ડીપીએ ચેરમેન શ્રી સુશીલકુમારની સમગ્ર ટીમ પર અભિનંદન વર્ષા થવા પામી રહી છે.

### ડીપીએ-કંડલાના વિઝનરી ચેરમેન શ્રી સુશીલકુમારની સમગ્ર ટીમને લાખ લાખ અભિનંદન : ગાંધીધામ ચેમ્બર



ગાંધીધામ : દેશના મહાબંદરોમાં ડીપીએ -કડલાએ એક નવો વિક્રમ સ્થાપ્યો છે. ૧૫૦ મેટ્રીકટન કાર્ગો હેન્ડલીગની સિદ્ધી મેળવી છે તેને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી મહેશભાઈ પુંજ દ્વારા આવકારવામા આવી છે. અને ડીપીએના ચેરમેન સુશીલકુમારની સમગ્ર ટીમની કોઠાસુઝ તથા દ્રષ્ટીકોણને આવકારી હતી. તેઓએ ક્હયુ કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ, શીપીંગ મંત્રી સર્વાનંદ સોનેવાલ, શાન્તનુ ઠાકુર, કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, ડીપીએ કંડલાના સેક્રેટરી શ્રી હરીચંદ્રન સહિતનાઓની સંયુકત દ્રષ્ટીથી અને ગાંધીધામ-કંડલા સંકુલનાપોર્ટના તમામ સ્ટેકહોલ્ડર આ પ્રકારની સિદ્ધી પ્રાપ્ત કરવા માટે ચોકકસથી યશોભાગી કહેવાય.


હાર્દિક અભિનંદન



પિતાના પગલે મેડિકલ ક્ષેત્રે ઘગશ અને હિંમતપૂર્વક આપે MBBS ની ડિગ્રી પ્રાપ્ત કરી તેમજ એઈમ સ્કૂલના સાયન્સના પ્રથમ ડોક્ટર બન્યા છો, જે બદલ એઈમ શાળા પરિવાર આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હાર્દિક અભિનંદન પાઠવે છે તેમજ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભકામના...

ડો. રિયા કૌશિકભાઈ શાહ

એઈમ શાળા પરિવાર - માંડવી



॥ જય ગેબી મતિયા દેવ ॥ ॥ ધર્માચાર ॥ ॥ જય ગેબી મતિયા દેવ ॥



શ્રી ગેબી મતિયા દેવ - વિઝાંણ (ખીરસરા)

મોટા મતિયા દેવ (ગુડથર) મેળા પ્રસંગે ઘંઘાર્થીઓ જોગ

આગામી તારીખ ૧૬ અને ૧૭ એપ્રિલ ૨૦૨૫ના યોજનાર શ્રી મોટા મતિયા દેવ યાત્રા મહોત્સવ (મેળા) પ્રસંગે 'શ્રી ગેબી મતિયા દેવ યાત્રા ધામ' પર જે ધંઘાર્થીઓ પોતાના સ્ટોલ માટે જગ્યા પસંદ કરવા માંગતા હોય તેમણે શ્રી ગેબી મતિયા દેવ સેવા સમિતિનો સંપર્ક કરવો

-:: સ્ટોલ માટે સંપર્ક સૂત્ર ::-

ગાભાભાઈ જેપાર (સહમંત્રી શ્રી) 99256 73188

ખીમજીભાઈ કુકલ (સહ ખજાનચી શ્રી) 97261 11784

શ્રી ગેબી મતિયા દેવ સેવા સમિતિ - વિઝાંણ ( ખીરસરા )



ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા

ભુજ અને ગાંધીધામમાં લીવરને લગતા રોગોની ઓપીડી

zydus Hospitals



સિનિયર લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન

ડૉ. આનંદ ખખર

MS, DNB, Fellow ASTS Liver Transplant & HPB Surgeon, Dr. B.C. Roy Awardee

લીવર ને લગતા રોગોના લક્ષણો

● લીવર સિરોસિસ ● લીવર કેન્સર ● લીવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપેલ હોય ● દારુના સેવનથી બગડેલ લીવર ● સતત રહેતો કમળો ● લોહીની ઉલ્ટી થતી હોય ● પેટમાં પાણી ભરાવું ● પીત્તાશયમાં કેન્સર અને પથરીની સર્જરી ● શરીરમાં લોહીનું પ્રમાણ ઘટતું હોય ● હિપેટાઈસિસ-બી - સી (ઝેરી કમળો) ● સ્વાદુપિંડના કેન્સર અને પથરીની સર્જરી ● વિલસન રોગ (શરીરમાં કોપરનું ધોવાણ) ● લીવર અને પેટને લગતી ગંભીર સર્જરી માટે

02-04-2025 (બુધવાર)

ભુજ: સવારે 10:00 થી 01:00 — LNM ગ્રુપ લાયન્સ હૉસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, રાવલવાડી રીલોકેશન સાઈટ, રઘુવંશી ચોકડી પાસે, ભુજ

ગાંધીધામ: બપોરે 03:00 થી 05:00 — મોરખીયા હાર્ટ એન્ડ ગેસ્ટ્રો-લીવર હૉસ્પિટલ, પ્લોટ 9, વોર્ડ 10 એ, રવિન્દ્રનાથ ટાગોર રોડ, ગાંધીધામ

રજીસ્ટ્રેશન માટે સંપર્ક: 78744 01212 / 63543 53089

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ - 54. 079 6619 0300



શુભારંભ

AROMA MOCHA'S

Cafe & Restaurant

ઉદઘાટા :- શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, ધારાસભ્યશ્રી, ગાંધીધામ

તારીખ : ૦૨-૦૪-૨૦૨૫, બુધવાર સવારે ૧૦-૦૦ કલાકે

સ્થળ : પ્લોટ નં. ૪, નાયરા પેટ્રોલ પંપની બાજુમાં, અંતરજાળ-શિણાય રોડ, આદિપુર-કચ્છ.

અતિથિ વિશેષશ્રીઓ

પ.પુ. શ્રીમહંત પ્રકાશાનંદ બ્રહ્મચારી મહારાજ પંચમુખી હનુમાન મંદિર - આદિપુર (કચ્છ).

પ.પુ. શ્રીમહંત રામ કરણદાસ બાપુ શ્રી સીતારામ બાપુ આશ્રમ - અંતરજાળ (કચ્છ).

શ્રી વિજયસિંહ ઝાલા - કારોબારી ચેરમેન, નગરપાલિકા
શ્રી મહેન્દ્રસિંહ જાડેજા - APMC ડાયરેક્ટર, ભચાઉ.
શ્રી વિજયભાઈ પરમાર - પ્રમુખશ્રી, ગાંધીધામ ભાજપ
શ્રી તેજાભાઈ શેઠ -પૂર્વ પ્રમુખ ગાંધીધામ નગરપાલિકા
શ્રી કુલદિપસિંહ જાડેજા - પૂર્વ પ્રમુખ ભચાઉ નગરપાલિકા
શ્રી બટુકસિંહ જાડેજા - પૂર્વ ચેરમેન APMC, ભચાઉ.
શ્રી દેવેન્દ્રસિંહ જાડેજા - પ્રમુખશ્રી, ગાંધીધામ તાલુકા ભાજપ
શ્રીમતી શાંતિબેન બાબરીયા - પ્રમુખ ગાંધીધામ તા. પંચાયત

::: નિમંત્રક :::

કુલદિપસિંહ જી. ઝાલા મો.: 98988 70248
ગજેન્દ્રસિંહ ડી. ઝાલા મો.: 98798 19998
દિપ એન. ઠક્કર મો.: 91068 31471
પ્રકાશ એમ. મીરાણી મો.: 97263 41501

::: સૌજન્ય :::

ઉમેશભાઈ ખટાઉભાઈ ઠક્કર, હરેશભાઈ બાબુલાલ મીરાણી, હર્ષદભાઈ કાંતીલાલ મીરાણી, સામતભાઈ જેઠાભાઈ રાજપુત